RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

**Year : 15** **Issue : 167** **Dt. 09-01-2026** **Page : 08** **Price : Rs 3**




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

### અમેરિકાની અવળચંડાઈ

# ભારત પર ૫૦૦ ટકા ટેરીફ લાદવાની ધમકી

## ડોનાલ્ડ ટ્રમ્પે વિવાદાસ્પદ બિલને આપી મંજૂરી : ભારતની વધી ચિંતા

નવીદિલ્હી, તા. ૮
અમેરિકામાં એક નવો કાયદો પસાર થવાનો છે, જેમાં સસ્તા રશિયન તેલ ખરીદનારા દેશો પર ભારે દંડ લાદવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ બિલને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. જોકે, આ બિલથી ભારતમાં ચિંતા વધી છે. એક અહેવાલ મુજબ, આ કાયદો મુખ્યત્વે ભારતને લક્ષ્ય બનાવી શકે છે, જ્યારે ચીન પર તેની બહુ ઓછી અસર પડશે. સેનેટર લિન્ડસે ગ્રેહામે આ બિલ રજૂ કર્યું. આ કાયદા હેઠળ, અમેરિકા સસ્તા રશિયન તેલ ખરીદનારા દેશો પર ૫૦૦% સુધીનો ટેક્સ લાદી શકે છે. સેનેટર ગ્રેહામે કહ્યું, ''આ બિલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને એવા દેશોને સજા કરવાની સત્તા આપશે જે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના યુદ્ધ મશીનને બળતણ આપવા માટે સસ્તા રશિયન તેલ ખરીદે છે.'' તેમણે એમ પણ કહ્યું કે આનાથી ટ્રમ્પ ભારત, ચીન અને બ્રાઝિલ પર ''નોંધપાત્ર દબાણ'' લાવી શકશે.

ઓગસ્ટ ૨૦૨૫ માં, ટ્રમ્પે ભારતીય માલ પર વધારાના ૨૫% ટેરિફની જાહેરાત કરી. તેમણે તેને ભારત દ્વારા રશિયન તેલ ખરીદવા માટે ''સજા'' તરીકે વર્ણવ્યું. આનાથી ભારત પર ટેરિફ વધીને ૫૦% થઈ ગયો છે. જો ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ નહીં કરે, તો આ બિલ પસાર થવાથી ભારત પર ટેરિફ ૫૦% થી વધારીને ૫૦૦% કરવામાં આવશે. આ બિલ રશિયાને અલગ પાડવાની યુએસ વ્યૂહરચનાનો એક ભાગ છે.




યુએસ ઇચ્છે છે કે રશિયા યુક્રેન યુદ્ધ બંધ કરે અને શાંતિ સ્થાપિત કરે. પ્રતિબંધો આ દબાણ લાવવાનો એક રસ્તો છે. જો કે, આવા પ્રતિબંધો ફક્ત રશિયાને જ નહીં પરંતુ રશિયા સાથે વેપાર કરતા અન્ય દેશોને પણ અસર કરે છે. ભારત આ દેશોમાંનો એક છે. ભારત રશિયા પાસેથી નોંધપાત્ર પ્રમાણમાં ક્રૂડ તેલ ખરીદે છે. તેથી, ભારત રશિયા પર પ્રતિબંધ લાદવાના ક્રોસફાયરમાં પણ ફસાઈ ગયું છે.

આ બિલ ભારત માટે એક મોટો પડકાર ઉભો કરી શકે છે. ભારતની અમેરિકામાં વાર્ષિક નિકાસ ૧૨૦ બિલિયનથી વધુ છે. આ નવો ટેક્સ ભારતની નિકાસ લગભગ સંપૂર્ણપણે બંધ કરી શકે છે. GTRI રિપોર્ટમાં જણાવાયું છે કે ૫૦૦% ટેક્સથી અમેરિકામાં ભારતીય માલ અને સેવાઓની નિકાસ અસરકારક રીતે બંધ થઈ જશે. બીજી બાજુ, ભારત તેની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું છે કારણ કે તે સસ્તું અને સરળતાથી ઉપલબ્ધ છે. ભારત માટે આ એક મહત્વપૂર્ણ વિકલ્પ છે, ખાસ કરીને જ્યારે વૈશ્વિક તેલના ભાવ વધી રહ્યા છે. જો આ બિલ લાગુ કરવામાં આવે છે, તો ભારતે કાં તો રશિયન તેલ ખરીદવાનું બંધ કરવું પડશે અથવા અમેરિકાને ખૂબ ઊંચા ટેરિફ ચૂકવવા પડશે. આનાથી દેશના અર્થતંત્ર પર બોજ વધી શકે છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર લગામ કડક કરવા માટે રજૂ કરાયેલા બિલને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. પરંતુ ભારત પણ તેમાં ફસાઈ ગયું છે.

# સરકારી નોકરી કૌભાંડ સંદર્ભે EDના દરોડા

## રાજકોટ સહિત રાજ્યભરમાં તપાસ : ૪૦થી વધુ સરકારી સંસ્થાઓ-વિભાગો સામેલ

રાજકોટ, તા. ૮
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) નકલી સરકારી નોકરી કૌભાંડના સંદર્ભમાં દેશભરમાં એક સંગઠિત ગેંગ સામે શોધખોળ કરી રહ્યું છે. એજન્સીએ જણાવ્યું હતું કે આ કૌભાંડ શરૂઆતમાં ભારતીય રેલ્વેના નામે બહાર આવ્યું હતું. જોકે, તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાં વન વિભાગ, RRB, ઇન્ડિયા પોસ્ટ, આવકવેરા, હાઈકોર્ટ, PWD, બિહાર સરકાર, DDA, રાજસ્થાન સચિવાલય અને અન્ય સહિત ૪૦ થી વધુ અન્ય સરકારી સંસ્થાઓ અને વિભાગો સામેલ હતા.

છ રાજ્યોના ૧૩ શહેરોમાં ૧૫ સ્થળોએ શોધખોળ ચાલી રહી છે. આમાં બિહારમાં મુઝફ્ફરપુર અને મોતીહારી, પશ્ચિમ બંગાળમાં કોલકાતા, કેરળમાં એર્નાકુલમ, પંડલમ, અડૂર અને કોડુર, તમિલનાડુમાં ચેન્નાઈ, ગુજરાતનું રાજકોટ અને ઉત્તર પ્રદેશમાં ગોરખપુર, અલ્હાબાદ અને લખનૌનો સમાવેશ થાય છે. EDએ જણાવ્યું હતું કે આ ગેંગે બનાવટી જોઈનિંગ



લેટર્સ મોકલવા માટે સરકારી ડોમેન જેવા નકલી ઈમેઈલ એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યો હતો. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે વિશ્વાસ મેળવવા માટે, ગેંગે કેટલાક પીડિતોને ૨-૩ મહિનાનો પ્રારંભિક પગાર આપ્યો હતો, જેમને ભારતીય રેલ્વેમાં RPF, TTE અને ટેકનિશિયન જેવી ભૂમિકાઓમાં મૂકવામાં આવ્યા હતા.


આ ગેંગે કથિત રીતે સરકારી ડોમેન જેવા નકલી ઈમેલ એકાઉન્ટનો ઉપયોગ કરીને બનાવટી નિમણૂક પત્રો જારી કર્યા હતા. પીડિતોનો વિશ્વાસ મેળવવા માટે, આરોપીઓએ રેલ્વે અને અન્ય વિભાગોમાં વિવિધ હોદ્દા માટે નિયુક્ત કરાયેલા કેટલાક વ્યક્તિઓને બે થી ત્રણ મહિનાનો પગાર પણ ચૂકવ્યો હતો.

### ગભરાયેલા લોકો ઘર બહાર નીકળી આવી ગયા રોડ પાર

# જેતપુર-ધોરાજી-ઉપલેટાને ધ્રુજાવતો ભૂકંપી આંચકો

નવીદિલ્હી તા. ૬
જેતપુર પંથકમાં આજે રાત્રે ગગન ભેગી ધડાકાથી ગભરાયેલા લોકો પોત પોતાના ઘરમાંથી રોડ ઉપર આવી ગયા હતા. એકત્રિત લોકોના ટોળામાં ધડાકાની ચર્ચાએ ચકચાર જગાવી હતી. બીજી બાજુ જેતપુર શહેરમાં મહાલતા લાગતા વળગતા સતાધીશો એ પણ લોકોના ટેલિફોનેક મારાથી તપાસ શરૂ કરી દીધી હતી ભેદી ધડાકો શેનો થયો તે સૌ માટે તપાસનો વિષય બની ગયો હતો. જેતલસર જેવા ગ્રામ્ય પંખના લોકોએ ધડાકાને ભૂકંપ સાથે સરખાવ્યો હતો. ગામના બુઝુર્ગોએ ભૂકંપ અંગે આશંકા વ્યક્ત કરી હતી.

બીજીબાજુ જેતપુરના



સત્તાવાળાઓ માટે આજનો ભેદી તપાસનો વિષય બની ગયો હતો. ખાસ કરીને જેતપુર તાલુકાના જેતલસર ગામના લોકોએ આ ભેદી ધડાકાનો ધ્રુજારો વધુ માત્રામાં અનુભવતા સૌએ ભૂકંપની અનુભૂતિ કરી હતી. બીજી બાજુ જેતપુરના મામલતદાર એડી બાખલકીયાએ પત્રકારોને જણાવ્યું હતું કે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, રાત્રીના ૮-૪૩ વાગ્યે ગાંધીનગર સ્થિત સીસ્મોગ્રાફી સેન્ટરમાં નોંધાયો હોવાની વિગતો મળી છે. લેટીટ્યુડ ૨૧.૭૯૨ એન લોંગીટ્યુડ ૭૧.૫૬૨ ઈ, ઊંડાઈ ૬.૧ કિમી અને ઉપલેટાથી ૩૦ કિમી દુર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે. આ બાબતે જે હોય તે પણ અગાઉના ભૂકંપની સૌને યાદ આવી ગઈ હોવાનું ગ્રામ્યવિસ્તારોમાંથી અહેવાલો મળ્યા હતા. આ સિવાય ધોરાજી, ઉપલેટા, ફરેણી. જેતલસર, પેઢલા સહિતના ગ્રામ્યવિસ્તારોમાં પણ ભૂકંપી આંચકાએ સૌમાં કૌતુક ફેલાવ્યું હતું.

# રાજપીપળાના મંદિર માંથી ૪૦ વાઘના ચામડા-૧૩૩ નખ મળ્યા

## FSLમાં નખ-ચામડું મોકલાયું : ૩૫ વર્ષ જૂના હોવાની ફોરેસ્ટ વિભાગની આશંકા

અમદાવાદ, તા. ૮
રાજપીપળા શહેર નજીક આવેલ ધરમેશ્વર મહાદેવ મંદિરના જૂના મકાનમાંથી જાનવરના નખ અને ચામડા મળી આવ્યા છે. ગુજરાતમાં પ્રથમવાર આટલા મોટા પ્રમાણમાં ૪૦ થી વધુ વાઘના ચામડા અને નખ મળ્યા છે, તેવો પહેલો કિસ્સો સામે આવ્યો છે. મંદિરના ટ્રસ્ટી દ્વારા આ માહિતી ફોરેસ્ટ વિભાગને આપી હતી અને ત્યારબાદ રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને તેમની ટીમ દ્વારા મંદિર ખાતે જઈ તપાસ શરૂ કરવામાં આવી હતી. વન વિભાગને તપાસ દરમિયાન ૩૭ વાઘના સંપૂર્ણ ચામડા, ૪ ચામડાના ટુકડા અને ૧૩૩ જેટલા વાઘના નખ મળી આવ્યા છે. ફોરેસ્ટ વિભાગને આ ચીજો શંકાસ્પદ લાગતા એફ.એસ.એલ.માં નખ અને ચામડું મોકલવામાં આવ્યું છે. જ્યાં આ ચામડા અને નખ કોના છે તેની તપાસ કરવામાં આવશે. જે પેટીમાં આ ચામડા અને નખ હતા તે ખૂબ જર્જરિત હાલતમાં હતી અને વન વિભાગના માનવા પ્રમાણે, પેટી પણ ખવાઈ ગઈ હતી. ફોરેસ્ટ વિભાગના RFOના મતે, આ વસ્તુઓની તસ્કરી થઈ શકે છે. આ સામાન બહુ જ જૂના છે અને પેટીમાં મળેલી ચીજવસ્તુઓમાંથી ૧૯૫૨ અને ૧૯૫૩ના વર્ષના ન્યૂઝ પેપર પણ મળી આવ્યા છે. આથી, આ ચામડા ૩૫ વર્ષથી વધુ જૂના હોઈ શકે છે. મહત્વનું છે કે, મંદિરના મહારાજનું નિધન ૭ મહિના પહેલા થયું હતું અને આ ચામડા એમના રહેવાના રૂમમાંથી જ મળી આવ્યા છે.

વન વિભાગ દ્વારા મંદિરના નિધન થયેલ મહારાજ સાથે કોણ કોણ સંપર્કમાં હતા તેની તપાસ ચાલી રહી છે. આ તપાસમાં મોટા માથાની સંડોવણી સામે આવે તેવી આશા છે. મંદિરના ટ્રસ્ટીના જણાવ્યા મુજબ મહારાજ મધ્યપ્રદેશના



રહેવાસી હતા. રાજપીપળા શહેરના હનુમાન ધર્મેશ્વર મંદિર ખાતે મંદિરનું જૂનું મકાન જર્જરિત હોવાથી તેનું સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન તીવ્ર દુર્ગંધ આવતા ટ્રસ્ટીઓએ વન વિભાગને જાણ કરી હતી. રાજપીપલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર જીગ્નેશ સોની અને તેમની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને એક રૂમમાંથી વાઘના ચામડા અને નખ ભરેલી આખી પેટી બહાર કાઢવામાં આવી હતી.

વન વિભાગની ટીમને લુપ્ત થતા વાઘના વાઘના ૩૭ આખા ચામડા, ૪ ચામડાના ટુકડા અને ૧૩૩ જેટલા વાઘના નખ મળી આવ્યા છે. ફોરેસ્ટ વિભાગને શંકાસ્પદ લાગતા નખ અને ચામડા FSLમાં મોકલી આપવામાં આવ્યા છે. મંદિરના જૂના મકાનના જે રૂમમાંથી વાઘના ચામડા-નખ ભરેલી પેટી મળી આવી છે તે રૂમ મંદિરના પૂજારી મહારાજનો હતો, જે ૩ મહિના પહેલા જ મૃત્યુ પામ્યા છે. મંદિરના ટ્રસ્ટી પ્રકાશ વ્યાસે જણાવ્યું કે આ મહારાજ મધ્યપ્રદેશના હતા. બહારથી અન્ય સાધુઓની અવર-જવર પણ રહેતી હતી. કેટલાક સાધુઓ રાત્રી રોકાણ પણ કરતા હતા. હવે જે મળ્યું છે તે મંદિર પરિસરમાં અને મહારાજના રૂમમાં કોણ લાવ્યું જે તપાસનો વિષય છે.

# મહેસુલના જુના ૧૬ કાયદાઓ થશે રદ


## અમ્બ્રેલા એક્ટ અમલી બનાવવાની સરકારની તૈયારી : વધુ કાયદા હોવાના કારણે અમલીકરણ-લીટીગેશનના પ્રશ્નો માથાનો દુખાવો

રાજકોટ, તા. ૮
ગુજરાત સરકાર ઐતિહાસિક કાયદો લાવી રહી છે. જે અંતર્ગત મહેસૂલના ૧૬ જૂના કાયદાઓ રદ કરી એક જ 'અમ્બ્રેલા એક્ટ' અમલી બનાવવાની તૈયારી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રો મુજબ, ગુજરાત સરકાર રાજ્યના જટિલ મહેસૂલી વહીવટને સુવ્યવસ્થિત કરવા માટે એક સર્વગ્રાહી 'ગુજરાત લેન્ડ એડમિનિસ્ટ્રેટિવ એક્ટ' લાવવાની તૈયારી કરી રહી છે. આ પ્રસ્તાવિત 'અમ્બ્રેલા એક્ટ' (છત્ર સમાન કાયદો) હાલમાં અમલમાં રહેલા ૧૬ જેટલા મહેસૂલ સંબંધિત કાયદાઓનું સ્થાન લેશે. રાજ્યના મહેસૂલી માળખાની સમીક્ષા કરવા અને વહીવટને સરળ બનાવવા માટે ગયા મહિને રચાયેલી એક સમિતિની વિચારણા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

બે દિવસીય વિચારણા બેઠકમાં સમિતિએ તારણ કાઢ્યું હતું કે, જમીન અને મહેસૂલની બાબતો માટે અલગ-અલગ અનેક કાયદાઓ હોવાથી પ્રક્રિયામાં જટિલતા વધે છે અને વારંવાર કાયદાકીય વિવાદો સર્જાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચર્ચા દરમિયાન એવું અનુભવાયું કે એક ડઝનથી વધુ એક્ટ હોવાને કારણે અમલીકરણમાં મુશ્કેલી અને લિટિગેશન (કોર્ટ કેસો) વધે છે. તેથી, હાલમાં અમલમાં રહેલા અંદાજે ૧૬ કાયદાઓની જોગવાઈઓને સમાવીને એક જ કાયદો બનાવવાની ભલામણ કરવામાં આવી હતી.

પ્રસ્તાવિત કાયદાનો ઉદ્દેશ્ય જમીન રેકોર્ડ, મહેસૂલ વહીવટ અને સંબંધિત પ્રક્રિયાઓને એક જ વૈધાનિક માળખા હેઠળ લાવવાનો છે. આનાથી મહેસૂલ શાસન વધુ કાર્યક્ષમ, પારદર્શક અને નાગરિકલક્ષી બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૨માં પણ આવો પ્રયાસ થયો હતો, પરંતુ ત્યારે તે દરખાસ્ત પડતી મૂકવામાં આવી હતી. હવે સરકાર આ બાબતે મક્કમ જણાય છે.

આ બાબતની તપાસ માટે નિવૃત્ત ઈઅજ અધિકારી સી.એલ. મીનાના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિને મહેસૂલ વિભાગના તમામ કાયદાઓ, નિયમો અને ઠરાવોની વ્યાપક સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત, બિલ્ડરો, વકીલો અને વિવિધ એસોસિએશનોની રજૂઆતોને ધ્યાને રાખીને જરૂરી સુધારા સૂચવવાનું પણ જણાવાયું છે.




### આ ૧૬ કાયદાઓનું સ્થાન નવો કાયદો લઈ શકે

- ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ, ૧૮૭૯
- ગુજરાત ખેત ગણોત અને ખેતીની જમીનનો ધારો, ૧૯૪૮
- સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત પતાવટ અને ખેતીની જમીનનો વટહુકમ, ૧૯૪૯
- ગુજરાત ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ્સ એક્ટ, ૧૯૫૮
- સૌરાષ્ટ્ર લેન્ડ રિફોર્મ્સ એક્ટ, ૧૯૫૧
- સૌરાષ્ટ્ર એસ્ટેટ એક્વિઝિશન એક્ટ, ૧૯૫૨
- મામલતદાર કોર્ટ એક્ટ, ૧૯૦૫
- ગાર્ડિયન્સ એન્ડ વોર્ડ્સ એક્ટ, ૧૮૯૦
- ગુજરાત કોર્ટ ઓફ વોર્ડ્સ એક્ટ, ૧૯૬૩
- ગુજરાત એગ્રીકલ્ચર લેન્ડ સીલિંગ એક્ટ, ૧૯૬૦
- જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) એક્ટ, ૨૦૨૦
- ગુજરાત પ્રિવેન્શન ઓફ ફ્રેગમેન્ટેશન એન્ડ કન્સોલિડેશન ઓફ હોલ્ડિંગ્સ એક્ટ, ૧૯૪૭
- રજિસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮
- ગુજરાત સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮
- અશાંત ધારો, ૧૯૯૧
- ટ્રેઝર ટ્રોવ એક્ટ, ૧૮૭૮

# સ્વાભિમાન પર્વની ઉત્સાહભેર ઉજવણી શરૂ

## ૩૦૦૦ ડ્રોનનો સૌથી મોટો શો : કાલે સાંજે વડાપ્રધાનનું આગમન : તા.૧૧ ના શૌર્ય યાત્રા, અશ્વો સાથેનો રોડ શોઃ સભામાં એક લાખ લોકો ઉમટવાની આશાઃ શંખનાદના ભવ્ય કાર્યક્રમનું આયોજન







રાજકોટ, તા. ૮

યાત્રાધામ સોમનાથ ખાતે ૧૦ અને ૧૧ ના આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હમીરજી સર્કલથી સદભાવના ગ્રાઉન્ડ સુધી ૧૦૮ અશ્વ સાથે શૌર્યયાત્રા નિકળશે, જેમાં વડાપ્રધાન જોડાશે. ત્યાંથી સદભાવના ગ્રાઉન્ડ ખાતે પહોંચીને જાહેર સભા સંબોધશે ઝેડ પ્લસ સુરક્ષા ને કારણે પોલીસ દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે સોમનાથમાં તા.૧૦મીએ બપોરબાદ ૫-૩૦ કલાકે વડાપ્રધાનનું આગમન થશે અને રાત્રી રોકાણ કરવાના છે.

બાદમાં તા. ૧૧મીએ સવારે સોમનાથ મહાદેવની પૂજા કરશે અને વીર હમીરજી ગોહીલ સર્કલથી ૧૦૮ અશ્વ અને ઢોલ-નગારા સાથે શોર્યયાત્રા નીકળનાર છે. વડાપ્રધાનની સદભાવના ગ્રાઉન્ડમાં સભાનું આયોજન કરાયું છે. ત્યાં વિશાળ ડોમ બનાવવાની કામગીરી ૨૪ કલાક ચાલે છે અને એક લાખ લોકો બેસી શકે તેવો ભવ્ય ડોમ તૈયાર થઇ રહ્યો છે. વડાપ્રધાનના આગમનને કારણે સદભાવના ગ્રાઉન્ડ અને આજુબાજુના રસ્તા ના રીપેરીંગ ની કામગીરી થઇ રહેલ છે. સોમનાથ મંદિર તરફ જતો શંખ સર્કલ પાસે વિશાળ ગેડ બનાવવા આવી રહ્યા છે.

ઝેડ પ્લસ સુરક્ષાને લઈને સોમનાથ સરકીટ હાઉસ, સાગર દર્શન, સહિતના ગેસ્ટ હાઉસો રીઝર્વ રાખવામાં આવ્યા છે. આ સાથે હાલ વેરાવળ-સોમનાથમાં રસ્તા, લાઈટ સહિતની કામગીરીનો ધમધમાટ ચાલુ કરી દેવાયો છે. ગુજરાત સરકારના પ્રવક્તા અને પ્રોટોકોલ મંત્રી જીતુભાઈ વાઘાણીએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ સમગ્ર દેશની આસ્થાના કેન્દ્ર તેમજ પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે આગામી તા. ૮ થી ૧૧ દરમિયાન ભવ્ય ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ની ઉજવણી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્ર આ પર્વને સફળ બનાવવા માટે કાર્યરત છે. આ પર્વ એ માત્ર ધાર્મિક મહોત્સવ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિના અતૂટ વિશ્વાસ અને આત્મગૌરવનું પ્રતીક પૂરવાર થશે. સોમનાથ સ્વાભમિન પર્વ શરૂ થયું છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું હતું, જેને આજે ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ સાથે જ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો જે સંકલ્પ લીધો હતો, તેના પણ ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ ‘ડબલ સંયોગ’ના અવસરે સમગ્ર દેશ સોમનાથના શૌર્ય અને સંઘર્ષના ઈતિહાસને યાદ રાખી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સોમનાથ સ્વાભિમાન પર્વનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૧૦મી જાન્યુઆરીએ સાંજે ૫-૩૦ કલાકે સોમનાથ પધારશે. તા. ૧૧ના રોજ ભગવાન સોમનાથના દર્શન-અર્ચન કરીને આ પર્વમાં સહભાગી થશે. દર્શન-અર્ચન બાદ વડાપ્રધાન સોમનાથ મંદિરની બહાર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક ભવ્ય રોડ-શો અને શૌર્ય યાત્રામાં જોડાશે તથા એક વિશાળ જનસભાને સંબોધન કરી દેશવાસીઓને સાંસ્કૃતિક એકતાનો સંદેશ આપવાના છે.

આ પર્વના મુખ્ય આકર્ષણો અંગે મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ દરમિયાન આકાશમાં ૩૦૦૦ ડ્રોન દ્વારા સોમનાથના ઈતિહાસ અને ભવ્યતાને દર્શાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન-શો યોજાશે. તદુપરાંત, સોમનાથ મંદિર પર થયેલાં આક્રમણો દરમિયાન મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા શૂરવીરોને સમર્પિત એક શૌર્ય યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦૮ અશ્વો સાથેની વધુમાં, સોમનાથ મંદિરના પ્રાંગણમાં ૨,૫૦૦ ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર અને ૭૨ કલાકનો અખંડ ઓમકાર જાપ કરવામાં આવશે. સાથે જ ૧૦૦૦ કલાકારો દ્વારા મંદિરની અંદર અને બહાર શંખનાદ કરી વાતાવરણને શિવમય બનાવવામાં આવશે. આ પર્વને વધુ ભવ્ય બનાવવા માટે શિવ ભક્તિ, ભજન અને લોક ડાયરા માટે સમગ્ર વિસ્તારમાં ૨૦ જેટલા ભવ્ય સ્ટેજ તૈયાર કરીને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રીએ કહ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વમાં રાજ્યભરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાઈ શકે તે માટે સ્પેશિયલ ટ્રેનોની સુવિધા પણ કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે તા. ૧૦ જાન્યુઆરી સુધી દરમિયાન રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાથી દરરોજ ચાર સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. સાથે જ યાત્રિકો માટે રહેવા, જમવા અને દર્શન માટેની તમામ સુવિધાઓ પણ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે.

વડાપ્રધાનના માર્ગદર્શનમાં હવે ‘સોમનાથ કોરિડોર’ને પણ સ્વીકૃતિ મળી છે, જેના કારણે આ વિસ્તારમાં પ્રવાસન અને આર્થિક વિકાસને વેગ મળ્યો છે. અયોધ્યા, કાશી અને દ્વારકાની જેમ સોમનાથ પણ આજે વિશ્વકક્ષાએ ભારતની આધ્યાત્મિક ઓળખ બની રહ્યું છે. આ પર્વમાં દેશભરના હજારો સાધુ-સંતો અને લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. મંત્રીએ તમામ નાગરિકોને આ ‘સ્વાભિમાન પર્વ’માં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૦ અને ૧૧ જાન્યુઆરીએ સોમનાથની મુલાકાતે આવી રહ્યા છે. સોમનાથના ઇતિહાસમાં પ્રથમવાર પી એમ મોદીનો બે કિમી લાંબો રોડ શો યોજશે, જેમાં ૧૦૮ અશ્વો સામેલ થશે, જેને લઈને સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ અને ઉત્કંઠા છવાઈ ગયાં છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી જે સદભાવના ગ્રાઉન્ડમાં જનમેદનીને સંબોધન કરશે એનું અને નરેન્દ્ર મોદીનું વર્ષ ૨૦૧૨ નું, એટલે કે ૧૪ વર્ષ જૂનું કનેક્શન છે. બીજી તરફ વડાપ્રધાનના આગમનને લઇને ૧૨ જાન્યુઆરી સુધી પોલીસ કર્મચારી અને અધિકારીઓની રજાઓ રદ કરવામાં આવી છે અને જે કર્મચારીઓ રજા પર છે તેમને તાત્કાલિક હાજર થવા સૂચના અપાઈ છે.

સદભાવના ગ્રાઉન્ડ અને મોદીનું કનેક્શન પી એમ મોદી જે વિશાળ મેદાનમાં જનસભાને સંબોધશે એ સદભાવના ગ્રાઉન્ડ પોતે જ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. વર્ષ ૨૦૧૨ માં જ્યારે નરેન્દ્ર મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે નર્મદા ડેમની ઊંચાઈ વધારવાના મુદ્દે ચાલતા જન આંદોલન દરમિયાન તેમણે જાન્યુઆરી ૨૦૧૨ માં આ જ સ્થળે સદભાવના ઉપવાસ કર્યા હતા. ત્યાર બાદથી આ મેદાન ’સદભાવના ગ્રાઉન્ડ’ તરીકે ઓળખાય છે.

૧૧ જાન્યુઆરીએ સ્વાભિમાન પર્વ અંતર્ગત સદભાવના ગ્રાઉન્ડમાં વડાપ્રધાન મોદી વિશાળ જનસભાને સંબોધશે. આ જનસભામાં એક લાખથી વધુ લોકોની જનમેદની એકત્ર થવાની શક્યતા છે. ગુજરાત પોલીસના તમામ કર્મચારી અને અધિકારીની રજા રાજ્યના પોલીસવડા કે.એલ.એન રાવ દ્વારા કેન્સલ કરવામાં આવી છે. ફ્લાવર શો અને આગામી તહેવારને પણ ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા તથા દેશ-વિદેશના મહાનુભાવોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ મહાનિરીક્ષક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. એ મુજબ રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

---

**રાજકોટમાં ધમધમે છે ૧૪ GIDC : ૫૫ હજારથી વધુ એન્જિનીયરીંગ એકમ**

# એન્જિનીયરીંગ ઉદ્યોગનું હબ બનતું રાજકોટ

## પ્રિ વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૩ અંતર્ગત મોરબીના સિરામિક અને રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન વચ્ચે થયેલા MoU થી ઉદ્યોગકારોને મળ્યો વિશેષ લાભ ‘આત્મનિર્ભર ભારત’ અને સ્વદેશી અભિયાનથી સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન ડિફેન્સ, રેલવે સહિતના સેક્ટરમાં ૫૦ ટકાથી વધુ પાર્ટસ રાજકોટ કરે છે સપ્લાય

રાજકોટ, તા.૮

રાજકોટ એ માત્ર રંગીલું, મોજીલું શહેર નથી, પરંતુ રાજકોટે અનેક સફળ ઉદ્યોગકારો પણ આપ્યા છે. ઉદ્યોગ સાહસિકતા, ટેક્નોલોજી, ઇનોવેશન અને ઔદ્યોગિક નીતિના પરિણામે માત્ર ભારત જ નહીં પરંતુ અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઇસ્ટ એશિયા, મિડલ ઇસ્ટ સહિતના અનેક દેશમાં ‘મેઈડ ઈન રાજકોટ’ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ્સ થાય છે.

રાજકોટ એટલે ઓટો અને મશીન ટૂલ્સ એન્જિનિયરિંગ ઉદ્યોગનું હબ. જેમાં હાલ ૫૫ હજારથી વધુ માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ જોડાયેલી છે. રાજકોટની પહેલી જી.આઈ.ડી.સી. વર્ષ ૧૯૬૧ માં ભક્તિનગર સ્ટેશન વિસ્તારમાં સ્થપાયેલી. ઔદ્યોગિક ક્ષેત્રે વ્યાપ વધતા સમયાંતરે આજી ઇન્ડસ્ટ્રીઝ, શાપર વેરાવળ, મેટોડા, લોધીકા, બામણબોર, ખીરસરા સહીત રાજકોટના નજીકના વિસ્તારમાં ઇન્ડસ્ટ્રીયલ ઝોન ઉમેરાતા જાય છે.

રાજકોટની ઓટો એન્જિનિયરિંગ ઇન્ડસ્ટ્રીઝ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ક્ષમતા સાબિત કરી ચુકી છે. રાજકોટમાં બનતા પાર્ટસ અમેરિકન ટેસ્લા, જર્મન મર્સીડીઝ, જાપાની સુઝુકી મોટર્સ સહીત ઈસ્ટ એશિયા, લેટિન અમેરિકા, આફ્રિકા, મિડલ ઈસ્ટ, બાંગ્લાદેશ સહિતના દેશમાં પ્રભુત્વ જમાવ્યું હોવાનું કહેવાય છે.

ભારતના સૌથી મોટા એવા રાજકોટના એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ પાંચાણીએ આ સફળતા માટે ઉદ્યોગ સાહસિકોની ૬૫ વર્ષની મહેનત સાથોસાથ ભારત સરકારનો પ્રોએક્ટીવ અભિગમ, ઔદ્યોગિક નીતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો અભિગમ કારણભૂત હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા બે દાયકાથી રાજકોટ શહેર આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ ઔદ્યોગિક હબ તરીકે વિકસી રહ્યું છે. આ ગ્રોથ અંગે તેમને જણાવ્યું હતું કે, હવેના ઉદ્યોગકારોએ આધુનિક ટેકનોલોજીના સહારે લાંબી હરણફાળ ભરી છે. ક્વોલિટી, ઈન ટાઈમ મેનેજમેન્ટ અને સ્કિલ ડેવલોપમેન્ટ થકી વિશ્વની કંપનીઓનો ભરોસો ઓટો ઇન્ડસ્ટ્રીઝે મેળવ્યો છે. ડીઝલ એન્જિનથી શરૂ થયેલ ઔદ્યોગિક સેક્ટર હવે ગ્લોબલ પ્રભુત્વ ધરાવે છે. તેઓએ ગૌરવ સાથે જણાવ્યું હતું કે રાજકોટના ૫૦ ટકા જેટલા એકમો એક્સપોર્ટ કરી રહ્યા છે.



### નાના ઉદ્યોગકારોને મળી ગ્લોબલ બિઝનેસની તક

પ્રિ વાઈબ્રન્ટ સમિટ – ૨૦૨૩ અંતર્ગત મોરબી સિરામિક એસોસિએશન અને રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન વચ્ચે ખઙ્ગઅ થવાથી બંને ઉદ્યોગોને વેગ મળ્યો હોવાનું કહેવું ઉચિત છે. સિરામિક ઉદ્યોગને જરૂરી મશીનરી રાજકોટમાં નિર્માણ થઇ રહી છે. આથી મશીનરીની આયાત બંધ થતાં દેશનું હૂંડિયામણ પણ બચાવી શકાયું હોવાનું મનાય છે. ‘આત્મનિર્ભર ભારત’ અને સ્વદેશી અભિયાનના કારણે સરકાર સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. વિદેશી નવી ટેક્નોલોજી અને અવનવા પાર્ટસ બનવવાનું સૌભાગ્ય મળ્યું છે. ખાસ કરીને ડિફેન્સ, રેલવે સહિતના સેક્ટરમાં ૫૦ ટકાથી વધુ પાર્ટ્સ જે પહેલા ઈમ્પોર્ટ કરવા પડતા તે હવે રાજકોટના ૧૦૦ જેટલા એકમો સપ્લાય કરી રહ્યા છે. એરોસ્પેસ ક્ષેત્રે પણ હવે રાજકોટ હબ બનતું જાય છે, ત્યારે રાજકોટ ઓટો પાટ્ર્સ એન્જિનિયરિંગ ક્ષેત્રે આવનારા દિવસોમાં બહુમૂલ્ય યોગદાન પૂરું પાડશે તેમ ચોક્કસ કહી શકાય.

### વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં સહભાગી થવા અપીલ

વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવાયું હતું કે, રીજનલ કોન્ફરન્સ ફોર્મેટથી સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્યોગકારોને ગ્લોબલ પ્લેટફોર્મ મળશે. રાજકોટનો ઓટો પાટ્ર્સ, મશીન ટૂલ્સ, જામનગરનો બ્રાસ પાર્ટ, મોરબીનો સિરામિક ઉદ્યોગ, જુનાગઢનો માઇન્સ ઉદ્યોગ, કચ્છના સ્થાનિક હસ્તકલા ઉદ્યોગ, પ્રવાસન ઉદ્યોગને વિશેષ એક્સપોઝર મળશે. રીજનલ કોન્ફરન્સ રાજકોટ ખાતે યોજાઈ રહી છે, ત્યારે ભારતનું સૌથી મોટું એન્જિનિયરિંગ ઉદ્યોગ હબ રાજકોટ બિઝનેસની તક ઝડપી લેવા આતુર હોવાનું સૌ ઉદ્યોગપતિઓ માને છે.

### ૫.૫૫ લાખ લોકોને મળતી રોજગારી

સરકારની દરેક તાલુકા કક્ષાએ એક જી.આઈ.ડી.સી. ક્લસ્ટરની વિભાવનાને સાર્થક કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં વ્યાપાર-ઉદ્યોગનું ફલક વધતા રાજકોટ, ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજી, જસદણ, કુવાડવા, કોટડા કોટડા સાંગાણી, પડધરી, લોધિકા સહિતના તાલુકામાં પણ કુલ ૧૪ જી.આઈ.ડી.સી. કાર્યરત છે. રાજકોટ શહેર, જિલ્લામાં ઓટો, મશીન ટૂલ્સ ઉપરાંત કિચનવેર, પ્લાસ્ટિક, કેમિકલ, ફાર્મા, ટોયઝ મળીને વિવિધ સેક્ટરમાં ૯૯,૬૫૪ મેન્યુફેક્ચરિંગ, ૬૮,૦૮૦ સર્વિસ સેક્ટર તેમજ ૬૮,૪૦૩ ટ્રેડિંગ વ્યવસાયિક એકમો કાર્યરત હોવાનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર મિતેષભાઇ લાડાણીએ જણાવ્યું છે. જેમાં માત્ર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૫.૫૫ લાખ લોકોને રોજગારી મળી રહી છે.

# સ્વાભિમાન પર્વમાં જિલ્લાના ૧૦,૦૦૦ લોકો થશે સહભાગી

## જિલ્લા ભાજપ દ્વારા ૨૦૦ બસની વ્યવસ્થા : વડાપ્રધાનનું રાત્રિ રોકાણ સોમનાથમાં



રાજકોટ, તા. ૮

વડાપ્રધાન મોદીનો ત્રણ દિવસનો ગુજરાત પ્રવાસ નક્કી થઈ ચૂક્યો છે અને તેઓ આવતીકાલે એટલે કે શનિવારથી ત્રણ દિવસ ગુજરાત આવી રહ્યા છે સોમનાથ સ્વાભિમાન પર્વમાં સામેલ થવાના છે એટલું જ નહીં વડાપ્રધાન દ્વારા સોમનાથ ખાતે જંગી મહાસભા અને ત્યારબાદ રાજકોટ ખાતે વાઈબ્રન્ટ કોન્ફરન્સને પણ ખુલ્લું મૂકવામાં આવશે ત્યારે રાજકોટ જિલ્લા ભાજપ દ્વારા ૧૦૦૦૦ લોકો ને કાર્યક્રમમાં સહભાગી થવા માટે ૨૦૦ જેટલી બસો ફાળવવામાં આવી હોવાનું હાલ જણાઈ રહ્યું છે. શનિવારે રાત્રે વડાપ્રધાન સોમનાથમાં રાત્રી રોકાણ કરશે અને રવિવારે સવારે સ્વાભિમાન પર્વ અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં પણ સહભાગી થશે જે અન્વયે તેમના દ્વારા જાહેર સભા પણ સંબોધવામાં આવશે. સૌરાષ્ટ્રનું વર્ચસ્વ સ્થાપિત થાય તે માટે હાલ સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં ભાજપના કાર્યકરોને આગેવાનોને જાણે ટાર્ગેટ આપી દેવામાં આવ્યો હોય તેવું જાણવા મળી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મીએ સોમનાથમાં રાત્રિ રોકાણ કરનાર છે. સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત કાર્યક્રમોમાં સામેલ થશે. ઉપરાંત જાહેરસભા પણ સંબોધવાના છે. વડાપ્રધાન મોદીનો આ કાર્યક્રમ ભાજપનું શક્તિ પ્રદર્શન બની રહેવાનો હોય તેમ સમગ્ર સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાંથી આગેવાનો-કાર્યકરોને સુચના આપવા સાથે જિલ્લાવાઇઝ હાજરીના ટારગેટ પણ આપવામાં આવ્યા છે. પરિવહન-ભોજન સહિતની વ્યવસ્થાનો પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા ભાજપ સૂત્રોએ કહ્યું કે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત વડાપ્રધાન મોદીના કાર્યક્રમ માટે જિલ્લા ભાજપને ૧૦,૦૦૦ કાર્યકરો-લોકોની મેદની મોકલવાનો ટારગેટ આપવામાં આવ્યો છે. જિલ્લા ભાજપ આયોજન કરીને તાલુકા સંગઠનો મારફત વ્યવસ્થા ગોઠવી રહ્યું છે. તાલુકા કક્ષાએ સંગઠન નેતાગીરીને લક્ષ્યાંક આપી દેવામાં આવ્યો છે અને તે આધારે વાહનોની ફાળવણી નિશ્ચિત કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ભાજપને ૧૦ હજાર લોકો માટે ૨૦૦ બસોની પણ ફાળવણી કરવામાં આવી છે. પરિવહન દરમ્યાન નાસ્તા-ભોજન સહિતની અન્ય તમામ વ્યવસ્થા કરવા કહેવાયું છે.રાજકોટ જિલ્લામાંથી ૧૦ હજાર લોકોને લઇ જવાના ટારગેટને પગલે વ્યવસ્થા ગોઠવવા જિલ્લા ભાજપ નેતાગીરી ઉંધામાથે થઇ છે. સીનીયર હોદેદારો, જો કે, એવો દાવો કર્યો હતો કે વડાપ્રધાનના કાર્યક્રમમાં સામેલ થવા માટે માત્ર ભાજપના આગેવાનો-કાર્યકરો જ નહીં પરંતુ લોકોમાં પણ સ્વયંભૂ ઉત્સાહ છે એટલે રાજકોટ જિલ્લામાંથી લોકોની હાજરીની સંખ્યા ટારગેટ કરતા પણ વધી જવાની સંભાવના છે.

---

રાજ્યના પોલીસ વડાની નવી પહેલઃ One Day-One District

# પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો લક્ષ્ય

## દરરોજ એક જિલ્લાના પોલીસ અધિક્ષક અને રેન્જ આઈજી સાથે રાજ્યના પોલીસ વડાની અધ્યક્ષતામાં બેઠક યોજાશે




રાજકોટ, તા. ૮

જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશથી અને સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન રાવ દ્વારા ઘક્ષય ઉફુ-ઘક્ષય ઉશતર્શિભર્નિવી પહેલ શરૂ કરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન રાવ દ્વારા સંબંધિત જિલ્લાના પોલીસ અધિક્ષક (SP) તથા રેન્જના ઇન્સ્પેક્ટર જનરલ (IGP) સાથે સીધી બેઠક યોજવામાં આવશે, જેથી જિલ્લાના વિશિષ્ટ પોલીસિંગ સંબંધિત જરૂરિયાતો અને પડકારોને પ્રત્યક્ષ રીતે સમજી શકાય. જિલ્લાની હકીકતોને આધારે નીતિગત નિર્ણય અને સંસાધનોનું આયોજન થાય તે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે.

આ બેઠકો દરમિયાન જિલ્લાના ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ વિશેષ વાહનોની જરૂરિયાત, પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક તથા બિન રહેણાંક માળખા સંબંધિત પડકારો, માનવ સંસાધનની પૂરતી ઉપલબ્ધતા, પોલીસ સ્ટેશન/આઉટપોસ્ટ/બીટની રચનામાં ફેરફારની જરૂરિયાત તેમજ અન્ય ખાસ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે છે. ઉપરાંત, દરેક જિલ્લામાં અમલમાં મૂકાયેલી એક બેસ્ટ પ્રેક્ટીસ અંગે ચર્ચા કરવામાં આવશે, જેને રાજ્યભરમાં અમલમાં મૂકી શકાય તેની શક્યતા પણ પરખવામાં આવશે.


જિલ્લાઓની પરિસ્થિતિ અને જરૂરિયાતોનું મૂલ્યાંકન કર્યા બાદ રાજ્યના પોલીસ વડાશ્રી દ્વારા પોલીસ મુખ્યાલયની સંબંધિત શાખાઓને જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવશે, જેથી સમયસર સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. જ્યાં નીતિગત અથવા વહીવટી મંજૂરી જરૂરી હોય ત્યાં યોગ્ય પ્રસ્તાવો ગૃહ વિભાગને પણ મોકલવામાં આવશે.

આ પહેલ અંતર્ગત ડાંગ-આહવા જિલ્લાના પોલીસ અધિક્ષક સાથે એક બેઠક યોજવામાં આવી, જેમાં જિલ્લાના વિશિષ્ટ મુદ્દાઓ, જરૂરિયાતો તથા શ્રેષ્ઠ પ્રથાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને ઘણી વાહન તથા IT ઇન્ફ્રાસ્ટ્રકચર સંલગ્ન જરૂરિયાતોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

---

# રાજકોટ શહેર ભાજપ સંગઠન નવરચના ગમે તે ઘડીએ

## શહેર ભાજપ પ્રમુખને ગાંધીનગરનું તેડું : નવા નામો તથા મતદાર સુધારણા અંગે ચર્ચા



રાજકોટ, તા. ૮

ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠનની નવરચના થઈ ચૂકી છે ત્યારે મળતી માહિતી મુજબ હાલ રાજકોટ શહેર સંગઠન માળખું હજુ બન્યું નથી અને આ પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે ત્યારે વડાપ્રધાન આવતીકાલે સોમનાથ આવી રહ્યા છે જેથી એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હવે કમુર્તા બાદ જ રાજકોટ સંગઠનની રચના કરવામાં આવે. કાલે વડાપ્રધાન સોમનાથ આવતા હોવાથી અત્યારથી જ તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે અને વિવિધ શહેર અને જિલ્લા ભાજપ દ્વારા ખૂબ મોટી સંખ્યામાં લોકો હાજર રહે તેવી પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આ દરમિયાન શહેર ભાજપ પ્રમુખ માધવ દવેને પણ ગાંધીનગરનું તેડું આવ્યું છે. ત્યારે હવે સંગઠન નવ રચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાતમાં ભાજપના જીલ્લા મહાનગરોના સંગઠન નવરચનાની પ્રક્રિયામાં હાલ સોમનાથ સ્વાભીમાન પર્વની વ્યસ્તતા આવી ગઈ છે પણ હવે તા.૧૧ બાદ તે ગમે તે સમયે જાહેર થઈ શકે છે. આ ઉપરાંત ભાજપ SIR કામમાં પણ આગળ વધી રહ્યો છે અને જે રીતે હવે રાજયમાં આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ પુર્વે નવા મતદારોને ઉમેરવાની પ્રક્રિયા શરુ થશે તેમાં ભાજપે બુથલેવલ સહિતનું આયોજન કર્યુ છે તથા દરેક બુથમાં મહતમ યુવા મતદારો જોડવામાં આવે તે પણ નિશ્ચિત કરવામાં આવી રહ્યા છે જે સંબંધ ‘કમલમ’માં એક બેઠકનું આયોજન કરાયું છે. તેમાં ભાગ લેવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે પહોંચ્યા છે. જે સમયે મહાનગર સંગઠન નવરચનામાં જે રીતે ‘નવા’ નામો પ્રદેશ ભાજપે મંગાવ્યા હતા તે પણ સુપ્રત કરવામાં આવે અને તા.૧૧ બાદ નવા સંગઠનની જાહેરાત કરવામાં આવે તેવી ધારણા છે.

મળતી માહિતી મુજબ આવનારા દિવસોમાં જે મતદારોના નામ ઉમેરવાના બાકી છે તેઓના નામ તાકીદે ઉમેરવામાં આવે તે ખૂબ જરૂરી છે. સાતો સાત શહેર સંગઠન માળખામાં કોનો સમાવેશ થાય તે અંગે અગાઉ પ્રભારીઓ દ્વારા અને નિરીક્ષકો દ્વારા નામ આપવામાં આવ્યા હતા પરંતુ પ્રદેશ કક્ષાએથી વધુ નામ આપવા જણાવવામાં આવ્યું હતું પરંતુ આ કાર્ય હજુ સુધી પૂર્ણ થયું નથી ત્યારે પ્રદેશ કક્ષાએથી રાજકોટ શહેર પ્રમુખને બોલાવવામાં આવ્યા આવવાનું પણ જાણવા મળ્યું છે.

---

# વિજય હજારે ટ્રોફીમાં હાર્દિક પંડ્યાનો તરખાટ

## ચંદીગઢ સામે માત્ર ૩૫ બોલમાં ૭૫ રન ફટકાર્યા : ન્યૂઝીલેન્ડ સામેના બીજા વન-ડેમાં ભારતીય ખેલાડીઓને આવકારવા રાજકોટમાં થનગનાટ



રાજકોટ, તા. ૮

રાજકોટના નિરંજનશાહ સ્ટેડિયમ ખાતે સંક્રાત એટલે કે ૧૪ મી જાન્યુઆરીના રોજ ભારત ન્યૂઝીલેન્ડ વચ્ચે બીજો વન-ડે રમવાનો છે તે પૂર્વે હાલ આજ ગ્રાઉન્ડ પર વિજય હજારે ટ્રોફી ચાલી રહી છે જેમાં ચંદીગઢ સામેના મેચમાં વડોદરાના અને ભારતીય ટીમના વિસ્ફોટક બેટ્સમેન હાર્દિક પંડ્યાએ માત્ર ૩૫ બોલમાં ૭૫ રન ફટકાર્યા હતા અને ગ્રાઉન્ડમાં ઉપસ્થિત લોકોએ હાર્દિકનું રોદ્ર રૂપ પણ નિહાળ્યું હતું.

મોટા ભાઈ કૃણાલ પંડ્યાની કેપ્ટનશીપ હેઠળ રમતા, હાર્દિક છઠ્ઠા નંબરે બેટિંગ કરવા આવ્યો. તેણે ફક્ત ૧૯ બોલમાં પોતાની અડધી સદી ફટકારી, ૭૫ રનની ઈનિંગમાં નવ છગ્ગા અને બે ચોગ્ગા ફટકાર્યા. ૨૪૧.૦૨ ના સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરતા, હાર્દિકે પ્રિયાંશુ મોલિયા સાથે પાંચમી વિકેટ માટે માત્ર ૫૧ બોલમાં ૯૦ રન ઉમેર્યા.

બરોડાએ ૪૯.૧ ઓવરમાં ૩૯૧ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. હાર્દિક પંડ્યા ઉપરાંત, પ્રિયાંશ મોલિયાએ ૧૦૬ બોલમાં ૧૧૩ રન બનાવ્યા. વિષ્ણુ સોલંકીએ ૫૪ રન બનાવ્યા. વિકેટકીપર જીતેશ શર્માએ ૩૩ બોલમાં ૭૩ રન બનાવ્યા.

હાલ ખેલાડીઓ રાજકોટ આવે તેની જ આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે અને રાજકોટની વિકેટ બેટિંગ પેરેડાઇઝ હોવાના પગલે રનના ઢગલા થશે તેવું પણ જણાઈ રહ્યું છે. હાલ મળતી માહિતી મુજબ રાજકોટના લોકો તેમના મનપસંદ ખેલાડીઓને નિહાળવા માટે થનગની રહ્યા છે ત્યારે તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લેતા હાલ રાજકોટ ખાતે ન્યૂઝીલેન્ડ સામેનો બીજો વન-ડે અત્યંત મહત્વપૂર્ણ પુરવાર થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને ખૂબ મોટી જનમેદની ઉમટે તેવી પણ હાલ અટકળો ચાલી રહી છે.

---

# જંગલેશ્વરના ૪૦૦ લોકોની સુનાવણી પૂર્ણ

## સંતોષકારક દસ્તાવેજો જમા કરવામાં આવ્યા ન હોવાનું મામલતદારનું કહેવું : નિવેદનોનું અવલોકન કર્યા બાદ લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૮

જંગલેશ્વરમાં જે લોકોને નોટિસની બજવણી કરવામાં આવી હતી તેમાંથી ૪૦૦ લોકો હાજર ન થતા પૂર્વ ઝોનના મામલતદાર દ્વારા વ્યક્તિગત રીતે વિસ્તારમાં જઈ નોટિસો આપવામાં આવી અને બાકી રહેતા ૪૦૦ લોકોની ગઈકાલે સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ તમામ લોકોના નિવેદનો લેવામાં આવ્યા છે અને હવે તેમના નિવેદનોના આધારે આગળની કાર્યવાહી નક્કી થશે. મળતી માહિતી મુજબ આવનારા દિવસોમાં જે પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા અને જે દસ્તાવેજો મામલતદાર સમક્ષ આપવામાં આવ્યા તે પૂરતા ન હોવાનું પણ મામલતદાર એ જણાવ્યું છે ત્યારે હવે શું પગલા વિભાગ લેશે અને આ તમામ મિલકત ધારકો ઉપર કયા પ્રકારના પગલાંઓ લેવા છે તે હવે જોવાનું રહ્યું. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જો જંગલેશ્વરનું ડિમોલિશન હાથ ધરવામાં આવશે તો ખૂબ મોટી કાર્યવાહી કરવામાં આવી હોય તેવું સ્થાપિત પણ થશે પરંતુ હાલના તબક્કે રેવન્યુ વિભાગ પણ અસમંજસની સ્થિતિમાં જોવા મળ્યું છે.

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે મકાનો ખડકી દેનાર શખ્સો સામે તંત્રએ લાલ આંખ કરી છે. અગાઉ પૂર્વ મામલતદાર દ્વારા કુલ ૧૩૫૦ લોકોને નોટિસ ફટકારવામાં આવી હતી, જે અંતર્ગત ચાલી રહેલી સુનાવણીના અંતે ગેરહાજર રહેલા ૪૦૦ લોકોને પુનઃ નોટિસ પાઠવી ગઈકાલે રૂબરૂ પુરાવા સાથે હાજર થવા આદેશ કરવામાં આવ્યો હતો.

જંગલેશ્વરના અલગ-અલગ વિસ્તારોમાં સરકારી જમીન પર દબાણ કરી મકાનો બનાવી લેનાર આસામીઓને ગત ૨૯ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી આધાર-પુરાવા સાથે હાજર રહેવા જણાવાયું હતું. આ સમયગાળા દરમિયાન મોટાભાગના લોકોએ પોતાના દસ્તાવેજો રજૂ કર્યા હતા, પરંતુ ૪૦૦ જેટલા લોકો પુરાવા સાથે હાજર રહ્યા નહોતા.

તંત્ર દ્વારા ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે આ ૪૦૦ લોકોને વધુ એક તક આપી આજે જૂની ચૂંટણી કલેક્ટર કચેરી ખાતે આવેલી પૂર્વ મામલતદાર કચેરીમાં હાજર રહેવા સૂચના અપાઈ હતી. અહીં લોકોના નિવેદનો નોંધવાની અને પુરાવા એકત્ર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીની વિશાળતાને જોતા પૂર્વ મામલતદાર કચેરી દ્વારા અન્ય વિભાગોની મદદ લેવામાં આવી છે. સુનાવણીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તે માટે ૩ નાયબ મામલતદારોને વિશેષ ફરજ પર મુકાયા છે.૧૦ રેવન્યુ તલાટીઓને અન્ય કચેરીમાંથી બોલાવી જવાબદારી સોંપાઈ છે. કલેકટર તંત્ર માટે આજી નદીના કાંઠે જે મિલકત ધારકો વસવાટ કરી રહ્યા છે તે ગેરકાયદે હોવાનું અગાઉ પણ માલુમ પડ્યું હતું પરંતુ પહેલા જે નક્કર કામગીરી થવી જોઈએ તે થઈ શકી ન હતી ત્યારે હવે આજે રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ધ્યાને લઇ અત્યારથી જ રેવન્યુ વિભાગ દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે તમામ ૧,૩૫૦ મિલકતો અંગે મામલતદાર દ્વારા સુનાવણી પૂર્ણ કરવામાં આવી છે ત્યારે હવે ડિમોલિશન થશે કે કેમ તે જોવાનું રહ્યું.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વિકાસનો અવકાશ

## વાઈબ્રન્ટ સમિટઃ ઉદ્યોગો માટે મોટીતક, પણ માહોલ...




ગુજરાત મોડેલની જ્યારે વાત નીકળે ત્યારે ‘વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ’ તેની ધરી સમાન ભાસે છે. કરોડો રૂપિયાના એમઓયુ અને વિદેશી રોકાણની વાતો વચ્ચે રાજ્યનો ઔદ્યોગિક નકશો ઝળહળી ઉઠે છે. નિઃશંકપણે, ઉદ્યોગો માટે વિકાસનો અવકાશ ખૂબ જ મોટો છે, પરંતુ આ ચમકતી છબી પાછળ એક કડવી વાસ્તવિકતા એ પણ છે કે નવા ઉદ્યોગો લાવવાના ઉત્સાહમાં હયાત ઉદ્યોગોની હાલત કફોડી બની રહી છે.

રાજકોટ જેવા ઔદ્યોગિક હબની વાત કરીએ તો, અહીંના GIDC વિસ્તારો આજે અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. રોડ-રસ્તાઓની હાલત અતિશય બિસ્માર છે, જેને કારણે પરિવહન ખર્ચ અને સમય બંને બગડે છે. વરસાદી સીઝનમાં પાણી ભરાવાની સમસ્યા હોય કે ડ્રેનેજની વ્યવસ્થા, પાયાની સુવિધાઓમાં મોટું ગાબડું જોવા મળે છે. જ્યારે આપણે વૈશ્વિક સ્તરના રોકાણકારોને નિમંત્રણ આપતા હોઈએ, ત્યારે સ્થાનિક ઉદ્યોગપતિઓને રસ્તા કે વીજળી જેવી પાયાની જરૂરિયાતો માટે સંઘર્ષ કરવો પડે તે ચિંતાનો વિષય છે.

ઉદ્યોગ માત્ર શેડ કે મશીનરીથી નથી ચાલતો, તેના માટે એક સકારાત્મક ‘કોમર્શિયલ ઈકોસિસ્ટમ’ની જરૂર હોય છે. રાજકોટમાં એન્જિનિયરિંગ અને ઓટો-પાર્ટ્સ ક્ષેત્રે અદ્ભુત કૌશલ્ય છે, પરંતુ યોગ્ય માર્કેટિંગ પ્લેટફોર્મ, ટેકનિકલ માર્ગદર્શન અને વહીવટી સરળતાનો અભાવ વર્તાય છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને જે પ્રોત્સાહન મળવું જોઈએ, તેના બદલે તેઓ સરકારી પ્રક્રિયાઓની જટિલતામાં ફસાયેલા રહે છે.

જો આપણે ખરેખર ગુજરાતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવું હોય, તો સૌ પ્રથમ રાજકોટ જેવા શહેરોના ઔદ્યોગિક વિસ્તારોનો પાયો મજબૂત કરવો પડશે. GIDCના રસ્તાઓનું નવનિર્માણ અને આધુનિક ડ્રેનેજ સિસ્ટમ અનિવાર્ય છે.માત્ર કાગળ પર નહીં, પણ વાસ્તવિક રીતે ઉદ્યોગકારોને પડતી તકલીફોનું ત્વરિત નિવારણ આવવું જોઈએ. નવા રોકાણો આવકાર્ય છે, પણ જે ઉદ્યોગો દાયકાઓથી અર્થતંત્રને વેગ આપી રહ્યા છે, તેમને ટકાવી રાખવા માટે સબસીડી અને ટેક્સ રાહતો જેવી પ્રોત્સાહક નીતિઓ જરૂરી છે.

વાઈબ્રન્ટ સમિટ એ વિકાસનું પ્રવેશદ્વાર હોઈ શકે, પણ એ દ્વાર સુધી પહોંચવાનો રસ્તો જો ખાડાવાળો હશે તો લાંબા ગાળે નુકસાન જ થશે. વિકાસનો અવકાશ ત્યારે જ સિદ્ધ થશે જ્યારે મોટા ઉદ્યોગોની સાથે નાના કારખાનાદારોને પણ સુરક્ષિત અને સુવિધાજનક માહોલ મળશે.રાજકોટમાં નવા ઉદ્યોગો શરુ થાય છે, પણ કેટલા બંધ થાય છે,તેનો આંક પણ જાણવો જરુરી છે.બંધ થવાના કારણોનું રિસર્ચ થુવું જોઈએ.ઔદ્યોગિક વિકાસનો અવકાશ ખૂબ છે,પણ એકવાર શાપર-વેરાવળ ચક્કર લગાવજો,તોતીંગ વેરા ભરનાર આ વિસ્તારની દશા અસહ્ય છે.

### કોલકાતામાં અંધાધૂંધી

# ચૂંટણી વ્યૂહરચના કંપની IPAC પર EDના દરોડા

## દરોડાથી ગુસ્સે ભરાયેલા, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જૈનના ઘર અને IPAC કાર્યાલયની મુલાકાત લીધી

નવીદિલ્હી, તા. ૮

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી સંબંધિત રાજકારણ ગરમાયું છે. ગુરુવારે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે IPAC વડા પ્રતીક જૈનના ઘર અને કાર્યાલય પર દરોડા પાડ્યા હતા. EDના દરોડાથી ગુસ્સે ભરાયેલા, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પહેલા જૈનના લાઉડન સ્ટ્રીટ સ્થિત ઘર અને પછી સોલ્ટ લેક સ્થિત IPAC કાર્યાલયની મુલાકાત લીધી. તેમણે IPAC પર EDના દરોડા અંગે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નિશાન બનાવ્યા. બેનર્જીએ આરોપ લગાવ્યો કે ઊઉના અધિકારીઓ તેમના પક્ષના દસ્તાવેજો જપ્ત કરી રહ્યા છે. IPACના કાર્યાલય અને પ્રતીક જૈનના ઘર પર ગુરુવારે સવારથી સર્ચ ઓપરેશન ચાલુ છે. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ, જ્યારે સર્ચ ચાલી રહ્યું હતું, ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી અચાનક પ્રતીક જૈનના ઘરે પહોંચ્યા અને ભાજપ પર ઝખઈ દસ્તાવેજો લેવાનો આરોપ લગાવ્યો.

મુખ્યમંત્રી મમતા બેનર્જી IPAC વડા પ્રતીક જૈનના લાઉડન સ્ટ્રીટ સ્થિત ઘર પર ગયા. મુખ્યમંત્રીના આગમનના પાંચ મિનિટ પહેલા કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્મા પહોંચ્યા. થોડીવારમાં જ, મમતા બેનર્જી હાથમાં લીલી ફાઇલ લઈને પ્રતીકના ઘરેથી બહાર આવ્યા. બહાર આવતાં, તેણીએ મીડિયાને કહ્યું, ‘‘તેઓ મારી પાર્ટીના બધા દસ્તાવેજો જપ્ત કરી રહ્યા હતા! હું તે લઈને આવી છું.‘‘તેણીએ ગૃહમંત્રી અમિત શાહ પર પ્રહાર કરતા કહ્યું, ‘‘તેઓ દેશને નિયંત્રિત કરી શકતા નથી! તે મારી પાર્ટીના દસ્તાવેજો જપ્ત કરી રહ્યા છે! મેં પ્રતીકને ફોન કર્યો. તે મારી પાર્ટીનો હવાલો સંભાળે છે. તેઓ બધું જ લઈ રહ્યા હતા, હાર્ડ ડિસ્ક, ફોન. ‘‘મમતાએ કહ્યું કે આ પછી,



તેણીએ સોલ્ટ લેકમાં IPAC ઓફિસની પણ મુલાકાત લીધી.

મમતા બેનર્જીએ કહ્યું કે એક તરફ, SIR દ્વારા મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે; લગભગ ૧૫ મિલિયન લોકોના નામ દૂર કરવામાં આવ્યા છે. બીજી તરફ, આવી શોધખોળ દ્વારા પાર્ટીની યોજનાઓને હાઈજેક કરવામાં આવી રહી છે. મમતાએ કહ્યું, ‘‘જુઓ, હું આ ફાઈલમાં બધું જ લાવી હતી કારણ કે પ્રતીક મારી પાર્ટીનો હવાલો સંભાળે છે. મેં બધી હાર્ડ ડિસ્ક ગોઠવી દીધી હતી.‘‘ અગાઉ, ૨૦૧૯ માં, CBI એ તત્કાલીન પોલીસ કમિશનર રાજીવ કુમારના લાઉડન સ્ટ્રીટ બંગલા પર દરોડો પાડ્યો હતો. મમતા ત્યાં પહેલેથી જ પહોંચી ગઈ હતી. તેણીએ ધર્મતલામાં ધરણા વિરોધ પણ શરૂ કર્યો હતો. ત્યારબાદ, એક કેન્દ્રીય તપાસ એજન્સીએ મમતા બેનજીર્ની કન્સલ્ટન્સી ફર્મના વડાના ઘરે દરોડા પાડ્યા. તેઓ પણ ત્યાં હાજર હતા.

ગુરુવારે સવારે, ઊઉ ટીમ સેક્ટર ૫, સોલ્ટ લેકમાં IPAC ની ઓફિસમાં દરોડા પાડી રહી હતી. આ દરમિયાન, બીજી કેન્દ્રીય એજન્સીની ટીમ ૭ લાઉડન સ્ટ્રીટ ખાતે રહેતા IPAC વડા પ્રતીક જૈનના ઘરે પહોંચી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ED એ આ સર્ચ ઓપરેશન એ નક્કી કરવા માટે શરૂ કર્યું હતું કે IPACનો દિલ્હીમાં નાણાકીય છેતરપિંડી કેસ સાથે કોઈ સંબંધ છે કે નહીં. ED સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા દિલ્હીમાં નોંધાયેલા જૂના કોલસા દાણચોરીના કેસ સાથે જોડાયેલા છે. પાંચ કલાક પછી, પૂછપરછ ચાલુ છે. આ દરમિયાન, મમતા બેનર્જી પ્રતીક જૈનના ઘરે પહોંચ્યા.

# અસંખ્ય હુમલાઓ પણ શ્રદ્ધાને ડગાવી શક્યા નહીં

## PM મોદીએ સોમનાથ સ્વાભિમાન ઉત્સવની તસવીરો શેર કરી : સોમનાથ સ્વાભિમાન પર્વ એ ભારત માતાના અસંખ્ય સપૂતોને યાદ કરવાનો તહેવાર

નવીદિલ્હી, તા. ૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સોમનાથ મંદિરની મુલાકાતના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા. તેમણે લખ્યું, ‘‘જય સોમનાથ! સોમનાથ સ્વાભિમાન પર્વ શરૂ થઈ રહ્યું છે.‘‘ પીએમઃ એક હજાર વર્ષ પહેલાં, જાન્યુઆરી ૧૦૨૬ માં, સોમનાથ મંદિર પર તેના ઈતિહાસમાં પ્રથમ હુમલો થયો હતો. ૧૦૨૬ નો હુમલો અને તે પછીના અસંખ્ય હુમલાઓ આપણી શાશ્વત શ્રદ્ધાને હચમચાવી શક્યા નહીં. તેના બદલે, તેમણે ભારતની સાંસ્કૃતિક એકતાની ભાવનાને મજબૂત બનાવી, અને સોમનાથનું વારંવાર નવીનીકરણ કરવામાં આવ્યું.

પીએમ મોદીએ કહ્યું કે સોમનાથ સ્વાભિમાન પર્વ એ ભારત માતાના અસંખ્ય સપૂતોને યાદ કરવાનો તહેવાર છે જેમણે ક્યારેય તેમના સિદ્ધાંતો અને મૂલ્યો સાથે સમાધાન કર્યું નહીં. તેમણે કહ્યું કે સમય ગમે તેટલો મુશ્કેલ અને ભયાનક હોય, તેમનો સંકલ્પ અટલ રહ્યો. પીએમ મોદીઃ આપણી સભ્યતા અને સાંસ્કૃતિક ચેતના પ્રત્યેની તેમની વફાદારી અટલ રહી. હજાર વર્ષની અટલ શ્રદ્ધાનો આ પ્રસંગ આપણને રાષ્ટ્રીય એકતા માટે પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા આપે છે.

પીએમ મોદીએ કહ્યું, ‘‘હું તમારી સાથે ૩૧





ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ સોમનાથમાં આયોજિત એક કાર્યક્રમની કેટલીક ઝલક પણ શેર કરી રહ્યો છું. આ તે વર્ષ હતું જ્યારે આપણે ૧૯૫૧ માં જીર્ણોદ્ધાર કરાયેલા સોમનાથ મંદિરના ઉદ્દઘાટનની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. તે ઐતિહાસિક સમારોહ તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં યોજાયો હતો.‘‘

પીએમ મોદીએ કહ્યું કે સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સરદાર પટેલ અને કે.એમ. મુનશી, અન્ય ઘણા મહાનુભાવોના પ્રયાસો નોંધપાત્ર હતા. ૨૦૦૧ ના કાર્યક્રમમાં તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી, ગૃહમંત્રી અડવાણી અને અન્ય ઘણા મહાનુભાવોએ હાજરી આપી હતી. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૨૬ માં, આપણે ૧૯૫૧ માં આયોજિત ભવ્ય સમારોહના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉજવણી પણ કરીશું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વ પર સોમનાથ મંદિરની તેમની મુલાકાતોના ફોટા શેર કર્યા. તેમણે ૧૯૨૬ ના હુમલા અને તેના પછીના મંદિરની અતૂટ શ્રદ્ધા અને વારંવારના પુનર્નિર્માણનો ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે મંદિર પર ઘણા હુમલા થયા પરંતુ તે અટલ શ્રદ્ધાને ડગમગી શક્યા નહીં.

# રાજસ્થાનમાં મધ્યાન ભોજન યોજનામાં ૨૦૦૦ કરોડનું કૌભાંડ

## ACBએ ૨૧ આરોપીઓ વિરુદ્ધ નોંધ્યો કેસ : નિયમોમાં ફેરફાર કરતા પ્રકરણ આવ્યું સામે

નવીદિલ્હી, તા. ૮

રાજસ્થાન મધ્યાહ્ન ભોજન યોજનામાં ₹૨,૦૦૦ કરોડથી વધુના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ત્યારબાદ, CONFED અને ખાનગી કંપનીઓના ૨૧ નામાંકિત આરોપીઓ સામે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ રાજસ્થાન સરકારની મધ્યાહ્ન ભોજન યોજના સાથે સંબંધિત છે, જે COVID-૧૯ રોગચાળાને કારણે શાળાઓ બંધ હોવા દરમિયાન ચલાવવામાં આવી હતી. આ યોજના હેઠળ, શાળાના વિદ્યાર્થીઓને અનાજ પૂરું પાડવા માટે CONFED દ્વારા કઠોળ, તેલ, મસાલા અને અન્ય વસ્તુઓ ધરાવતા કોમ્બો પેક પૂરા પાડવામાં આવ્યા હતા. ઘટકો અલળફસિ અને FSSAI ધોરણોનું પાલન કરતા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

આ સરકારી શાળાઓમાં પહોંચાડવામાં આવ્યા હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું, પરંતુ યોજનાના અમલીકરણમાં નોંધપાત્ર અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર જોવા મળ્યો



હતો. ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ હવે કેસ દાખલ કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે મધ્યાહ્ન ભોજન યોજના અને CONFED સાથે સંકળાયેલા અધિકારીઓએ મિલીભગતથી નિયમોમાં ફેરફાર કરવાનું કાવતરું ઘડ્યું હતું. લાયક અને લાયક કંપનીઓને ટેન્ડર પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવી હતી, અને ટેન્ડરો મનપસંદ કંપનીઓને આપવામાં આવ્યા હતા, જેનાથી અન્યાયી લાભો મળ્યા હતા.

આ કંપનીઓએ અનૈતિક રીતે તેમના કામને અન્ય સંસ્થાઓને સબલેટ કરીને ટ્રાન્સપોર્ટર્સ અને નકલી સપ્લાયર્સનું સંગઠિત નેટવર્ક સ્થાપિત કર્યું. ઘણા કિસ્સાઓમાં, ખરેખર માલ ખરીદ્યા કે સપ્લાય કર્યા વિના, ઊંચા દરે નકલી ઇન્વોઇસ સબમિટ કરવામાં આવ્યા હતા, અને તેના આધારે સરકારી ચુકવણીઓ પ્રાપ્ત થઈ હતી. આના પરિણામે સરકારી તિજોરીને આશરે ₹૨,૦૦૦ કરોડનું નાણાકીય નુકસાન થયું છે. રાજસ્થાનમાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ₹૨,૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ બહાર આવ્યું છે. કોવિડ-૧૯ને કારણે શાળાઓ બંધ હોવા દરમિયાન CONFED દ્વારા ખાદ્ય અનાજના સપ્લાયમાં અનિયમિતતાઓ મળી આવી હતી. અધિકારીઓએ અયોગ્ય કંપનીઓને ટેન્ડર આપવામાં અને નકલી ઇન્વોઇસ દ્વારા સરકારી તિજોરીને છેતરપિંડી કરવામાં મદદ કરી. ACB એ ૨૧ નામાંકિત આરોપીઓ સામે કેસ નોંધ્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## સુખ અને દુખની અનૂભૂતિ માટે મન, મગજ, અને હૃદય એ ત્રણ અવયવ જવાબદાર છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવીનાં શરીરનાં ત્રણ અવયવ ખૂબ જ મહત્વનાં છે, અને એ અવયવમાં સમતા અથવા તો સ્થિરતા આવે તો, જીવન પ્રમાણમાં સમ રહે! કે પ્રગતિ ન થાય તો કંઈ નહીં પણ તોય પતન તો થાય જ નહીં! માનવીય શરીરનાં બે અવયવ આપણે વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ કરી શકીએ છીએ, અને એક સિદ્ધ થઈ શકતું નથી. માનવીનું મગજ, માનવીનું હૃદય, અને માનવીનું મન, આ ત્રણ અવયવોને કારણે જ આપણે સારા ખરાબ ભાવ અનુભવી શકતા હોઈએ છીએ. મગજની અંદર બુદ્ધિનું સ્થાન દર્શાવ્યું છે, પરંતુ મગજ ઈચ્છા કરતું નથી, ઈચ્છા તો મન જ કરે છે. એટલે મન દ્વારા કોઈ પ્રકારની ઈચ્છા કે ઝંખના થાય, એટલે મગજ ઈચ્છા પૂરી કરવાં અન્ય ઇન્દ્રિયોને કાર્યરત કરે છે, જે ઇન્દ્રિયો દ્રશ્યમાન છે. દરેકની ક્રિયાઓ આ રીતે જ થતી હોય છે, એટલે એ સમજી શકાય એવી વાત છે. ક્યારેક હૃદયની ભાવનાને ઉજ્જવળ ભવિષ્ય માટે ઈગ્નોર પણ કરવી પડે છે! આવું બધું દરેક સાથે થાય જ છે. કોઈની ભાવના દુભાય કે દિલ દુખાય, તો એ દુઃખની લાગણી અનુભવે, અને કોઈ સાથે વારંવાર આવું બને તો એનાં મનમાં વિદ્રોહ જાગે, અને પછી, અન્યને કંઈ રીતે હેરાન પરેશાન કરવા એનાં ષડયંત્રોની શરૂઆત થાય,અને આમ જીવન પતન તરફ ગતિ કરે છે. પણ કરુણા એક એવી ભાવના છે, જેને મહેસુસ કરવા માટે હૃદયમાં અમુક પ્રકારના ભાવ હોવાં બહુ જરૂરી છે, તો જ તે અનુભવી શકાય, અથવા અન્ય તરફ વહાવી શકાય, એ વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું.

ભાવ નાં બે મુખ્ય સ્વરૂપ છે, એક ખુશીનો એટલે કે સુખનો ભાવ અને બીજો દુઃખનો ભાવ. લગભગ દરેકના જીવન આ બે મુખ્ય ભાવો ની વધઘટની આસપાસ જ ભમતા હોય છે, જેમાં ક્યારેક શારીરિક ઘાત પ્રત્યાઘાતનું પણ યોગદાન હોય છે, તો ક્યારેક માત્ર શબ્દોથી સુખ દુઃખનો ભાવ ઉદ્ભવતો હોય છે, તો ક્યારેક અન્યના વગર બોલે થતાં વ્યવહારથી પણ સુખ દુઃખનો ભાવ થાય છે, અને આવું જેની સાથે થાય એ પછી એનાં નિજ અનુભવ તરીકે સિદ્ધ થાય છે. કોઈનું આવવું, કોઈનું જવું, કોઈનું બોલવું, કોઈનું મૌન રહેવું, આ બધી જ ક્રિયા અને પ્રતિક્રિયાથી ભાવનો જન્મ થતો હોય છે. કોઈની એક નજરથી કામ થઈ જતું હોય છે, તો કોઈનું એક મોહક સ્મિત કામ કરી જતું હોય છે, બસ આ પ્રેમ નામની લાગણી બધા જ પ્રત્યે આટલી જ તીવ્રતાથી અનુભવાય ત્યારે જ કરુણા સમજાય.

પ્રેમ હોય ત્યાં સમર્પણ થાય, કોઈ માટે ત્યાગ કરવાથી વધુને વધુ આનંદ આવતો જાય, એમ પ્રેમ વધુ છે એવું સાબિત થાય. પ્રેમની સાવ સીધી સાદી કોઈ વ્યાખ્યા કરવી હોય તો,એને પોતા પણું કહેવાય! આપણે ત્યાં એટલે જ કહેવાય છે કે પોતાના ના માટે તો સૌ કરે, પારકા માટે કંઈક કરે, તો કહેવાય! અને પારકા માટે કંઈ થતું નથી, આ એક સત્ય હકીકત છે. જ્યારે પણ કંઈક થાય ત્યારે પારકા પણાનો ભાવ ઓછો થતો જાય તો જ સાચું. ક્યાંક સ્વર્ગ નર્ક નાં ભયને કારણે થતું હોય, કે ધાર્મિક પરંપરાઓનાં નામે થતું હોય! બાકી તો જ્યાં સુધી પોતાપણાનો ભાવ આવે નહીં, ત્યાં સુધી પ્રેમ અધૂરો છે, અથવા તો સંસારી છે એમ કહી શકાય!

હમણાં એક કથામાં બાપુએ પ્રેમ પંચકની વાત કરી હતી! એની પર ફરી કોઈવાર વાત, પણ આપણે ત્યાં પ્રેમ આગળ પરમપ્રેમ અથવા તો અમર પ્રેમ એવો શબ્દ પણ લગાડવામાં આવે છે, અને એ પ્રેમની પરાકાષ્ઠાની અવસ્થા છે, જ્યાં એની માટે કોઈ પારકું નથી, બધા જ પોતાના છે!ઃ અને આવો પ્રેમ હતો રાધા ક્રિષ્નનો કે જેને આપણે આજે પણ યાદ કરીએ છીએ. પરંતુ આપણામાં બહુ સ્વાભાવિક રીતે જ આવો ભાવ આવે નહીં, કારણ કે આપણે તો મારું મારું કરવા વાળા! પણ જો ઈચ્છીએ તો વેદ ઉપનિષદથી શરૂ કરીને રામચરિત માનસ સુધીનાં તમામ વૈદિક ગ્રંથોમાં કહ્યા મુજબ દરેક જીવાત્મા માં ઈશ્વરનો વાસ છે, અને અચેતન વિશ્વમાં પણ ઈશ્વર સચરાચર વ્યાપેલ છે!

માનવી અન્ય પાસેની વસ્તુ, પોતાની આસપાસની વ્યક્તિ, અને અન્ય સાથેનાં વ્યવહારથી સુખ દુઃખની પ્રતીતિ કરતો હોય છે. સારાં ખરાબ કોઈ પણ ભાવની પ્રતીતિ થાય એટલે આપણું હૃદય એ દિશામાં કામ કરે છે એવું સાબિત થાય. આપણે આ પ્રતીતિનો ભાવ નકારાત્મક એટલે કે દુઃખ આપનારો હોય તો ત્યાં હકારાત્મક ભાવ એટલે કે સુખની પ્રતીતિ કરવાની છે, કારણકે પહેલા આપણે આપણા જીવનથી સંતુષ્ટ હોઈએ તો બીજાને કરી શકીએ! સર્વ પ્રથમ તો આપણી કરતાંયે દુનિયામાં કેટલાય દુઃખી છે! જેની આગળ મારું દુઃખ તો કંઈ નથી! એમ કરી દુઃખને ઈગ્નોર કરતાં જવાનું! અને હકીકત એ જ છે, કે આપણને આપણા દુખડા રડવાની ટેવ પડી ગઈ છે, એટલે જ બીજાનાં દુઃખ દર્દ દેખાતા નથી! આ વિશ્વમાં કેટલાય એવા છે, જેને રહેવાં છત નથી, જમવા માટે આહાર નથી, પહેરવા માટે કપડાં નથી! ચપ્પલ નથી, માંદગી માં દવા નથી, ત્યાં મનોરંજન તો ક્યાંથી હોય! અને તોય દુનિયાભરનું દુઃખ તો આપણને જ હોય એમ આમ થયું! તેમ થયું! એમ કરીને આ કિંમતી સમય વેડફી રહ્યા છીએ.

માનવીની પ્રાથમિક જરૂરિયાતોનું લિસ્ટ બનાવી અને આપણી પાસે જે જે વસ્તુઓ ઉપલબ્ધ છે, એની સામે ખરાની નિશાની કરતાં જઈએ, તો આપણને જોઈએ એની કરતાં વધુ આપણી પાસે છે, એ સાબિત થશે! એટલે સ્થૂળ વસ્તુનો અભાવો આ રીતે દૂર કરી શકાય! હવે વ્યક્તિ પર આવીએ! તો માનવી મોટે ભાગે અંદરો અંદરના વ્યવહારથી પરેશાન હોય, અને એને કારણે હૃદયમાં સુખ દુઃખની પ્રતીતિ થતી હોય છે, તો એનો જેમ સ્વભાવ છે, એમ મારો પણ કંઈક સ્વભાવ છે, અને મને જેમ એના સ્વભાવથી દુઃખ થાય છે, તેમ મારી અમુક માનસિકતાને કારણે અન્યને પણ દુઃખ થતું હશે! એવું વિચારી શકાય, અને આ રીતે અન્યના સ્વભાવને સ્વીકારવાની શરૂઆત કરી શકાય, એ રીતે ત્યાં આગળ હઠાગ્રહ, પૂર્વગ્રહ, કે દુર્વાગ્રહ, કે પોતાનો કોઈ આગ્રહ હોય તો એ ગ્રંથિ છોડી અને એ ભાવને હકારાત્મક બનાવી શકાય! અને આ એક જ રસ્તો છે, કે જે રીતે સુધારો થાય! બાકી સુધારવા માટે જ્યાં સુધી અન્યની રાહ જોઈશું અથવા સુધરે કેમ નહીં એમ વિચારી કોઈ ને સુધારવામાં ક્યાં સુધી સમય વેડફી શું ? આપણો સમય કીમતી છે! બસ પછી વાત આવે છે વ્યવહારની તો સ્વભાવમાંથી કર્કશતા દૂર થતાં જ આપણો મૂળ સ્વભાવ એટલે કે માનવતા ઉજાગર થશે! જ્યાં અન્યનાં દુઃખ દર્દ માત્ર સ્પર્શશે નહીં! પણ અનુભવાશે અને એ રીતે સરખી વેદના એટલે કે સંવેદનાનો ભાવ આપણાં હૃદયમાં વહેશે, જ્યાં પછી કોઈ પારકું ન્હોય, બધાં જ પોતાનાં ! અને આ ભાવને કરુણાનો ભાવ કહેવાય કે જે એકવાર પ્રગટે પછી જન્મોજન્મ સાથે ચાલે છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે પેલા બેન તો બહુ દયાળુ છે, અને પેલા ભાઈ એ તો પોતાની બધી મિલકત આવાં દિન દુખીયા માટે વાપરી નાખી! તો કરુણા કોને કહેવાય, અને એ કંઈ રીતે પ્રગટે એ જાણ્યા પછી , ઈશ્વરે આપણી હેસિયત કરતાં આપણને વધુ આપ્યું છે! એ સત્યને સ્વીકારી, સમાજનાં તરછોડાયેલા વર્ગ તરફ કરુણા વહાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

જ્યાંથી જે મળે એ ઉપાડી લેવાની આદત ધરાવતાં તસ્કરોએ દાણાપીઠમાંથી તેલ, ઘી, ખજુર, ગોળ અને રોકડની ઉઠાંતરી કરી એ સાથે જ ઝડપાઇ ગયા

# બે દૂકાન તોડતા તસ્કરો મુદ્દામાલ સાથે ઝડપાયા

## મધરાતે રિક્ષા લઇ બુકાની બાંધની પહોંચી ગયા હતાંઃ તુટેલા તાળા પણ લઇ ગયા હતાં સાથેઃ રાજકોટ પોલીસ મહેનત કરતી રહી અને ભાવનગર પોલીસને મળી સફળતા

રાજકોટ, તા. ૮

તસ્કરીયાઓ પણ અલગ અલગ પ્રકૃતિના હોય છે. અમુક જે તે ઘર કે દુકાનોમાં ત્રાટકે તો માત્ર રોકડ, દાગીના જ ચોરી જતાં હોય છે જેને જે હાથમાં આવે તે ઉસેડી જતાં હોય છે. શહેરની મોટી ગણાતી અને મુખ્ય ગણાતી એવી અનાજ કરીયાણાની બજારમાં વધુ એક વખત ચોરટા પગલા પાડી ગયા છે. જેમાં બે દુકાનને નિશાન બનાવી રોકડની સાથે સાથે ગોળ, ઘી, તેલ, ખજુર પણ ચોરી ગયા હતાં. જો કે ચોરના કમનસિબ કહો કે જે કહો તે આ બને ભાવનગર પોલીસના હાથે ઝડપાઇ ગયા હતાં. દાણાપીઠની બે દુકાનમાંથી તેને નેવુ હજાર આસપાસની માલમત્તાનો લાભ થયો હતો. હવે રાજકોટ એ-ડિવીઝન પોલીસ ભાવનગર પોલીસ પાસેથી કબ્જો મેળવી વિશેષ કાર્યવાહી કરશે. બુકાની બાંધીને રિક્ષા લઇ આ બંને ચોરી કરવા પહોંચી ગયા હતાં. જેની કરતૂત સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો દાણાપીઠમાં બુકાનીધારી તસ્કરોએ નિશાન બનાવી છે. દાણાપીઠ સ્વામિનારાયણ શેરીમાં આવેલી જલારામ ટ્રેડર્સ નામની દુકાનના તાળા તોડી તસ્કરો ગોળ, ખજુર, રોકડની ચોરી કરી ગયા છે. જ્યારે નવાબ મસ્જીદની બાજુમાં આવેલી નિમેષ ટ્રેડર્સ નામની અનાજ કરીયાણાની






દુકાનમાંથી પણ તસ્કરો શટર ઉંચકાવી કપાસીયા તેલના ડબ્બા, સીંગતેલના ડબ્બા, તેલના પાઉચ, ઘી તેમજ રોકડ ચોરી ગયા છે. બંને દુકાનમાં મળી કુલ રૂપિયા નેવ્યાસી હજારની માલમત્તા ચોરી જતાં એ-ડિવીઝન પોલીસે અલગ અલગ ગુના દાખલ કરી તપાસ શરૂ કરી હતી. દરમિયાન આ તસ્કરીયા ભાવનગર એલસીબીના હાથમાં આવી ગયા હતાં.

ચોરીની આ ઘટનાઓ બારામાં જંકશન પ્લોટ કો-ઓપરેટીવ સોસાયટી શેરી નં. ૪ પોપટપરા નાલા સામે રહેતાં નિમેષભાઈ રાજેન્દ્રભાઈ કોટક નામના વેપારીની ફરિયાદ પરથી એ-ડિવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો. દાણાપીઠમાં નવાબ મસ્જીદ સામે આવેલી નિમેષ ટ્રેડર્સ નામની તેમની દુકાનમાં તસ્કરો દુકાનનું તાળું તોડી શટર ઉંચકી અંદર ઘુસી ગયા હતાં અને ચોરી કરી ગયા હતાં. નિમેષભાઇએ સવારે દુકાન ખોલતા માલસામાન વેરવિખેર હાલતમાં હતો. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે દુકાનમાંથી રાણી, ધારા અને અમૃત કંપનીના સીંગતેલ, કપાસીયા તેલના ૭ ડબ્બા, ૨૪ નંગ પાઉચ, ઘીના ૧૬ ડબ્બા અને ગલ્લામાં રાખેલા રૂા. ૩૭,૦૦૦ રોકડા મળી કુલ રૂા. ૬૦,૮૦૦ ની મત્તા ચોરાઈ ગયાની ખબર પડી હતી.

આ ઉપરાંત આ જ બંને તસ્કરો દાણાપીઠ સ્વામીનારાયણ શેરીમાં આવેલી સાધુ વાસવાણી રોડ અજંતા પાર્ક-૩ના રહેવાસી લોહાણા વેપારી રવિભાઇ હર્ષદભાઈ કોટક નામના વેપારીની જલારામ ટ્રેડર્સ નામની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી. રવિભાઇએ ત્રીજીએ રાત્રે દુકાન બંધ કરી હતી. ચોથી તારીખે ફરીથી દુકાન ખોલી ત્યારે ચોરી થયાની ખબર પડી હતી. સીસીટીવી કેમેરા ચેક કરતાં રિક્ષા લઇને આવેલા બે બુકાનીધારી તસ્કરો હાથફેરો કરી ગયાનું જાણવા મળ્યું હતું. તેમની દુકાનના તાળા તોડી શટર ઉંચકાવી તેમાંથી સંતકૃપા ગોળના ૧૭ કાર્ટૂન રૂા. ૧૬,૮૩૦ના, ૧૦ કિલો છૂટક ખજૂર કિંમત રૂા. ૧,૫૦૦, વેપારની રોકડ રકમ રૂા. ૯,૮૭૦ એમ કુલ ૨૮,૨૦૦ ની માલમત્તા ચોરી ગયા હતાં. આ તસ્કરો તાળા તોડીને સાથે લઇ ગયા હતાં. શટરમાં નકુચા લટકતા જોવા મળ્યા હતાં. સીસીટીવી કેમેરા ચેક કરતાં ત્રણ બુકાની બાંધેલા તસ્કરો રાત્રે ચોરી કરી ગયાનું જણાયું હતું.

તસ્કરો રિક્ષામાં ભાગ્યા હોવાની માહિતી મળતાં તેના આધારે પણ તપાસ થઇ રહી હતી. પીઆઇ બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં હેડકોન્સ. કે. આર. જોળીયા અને વાય. એમ. ગોહિલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.. દરમિયાન બે શકમંદ તસ્કરને ભાવનગર એલસીબી પોલીસે સકંજામાં લેતાં તેણે રાજકોટ દાણાપીઠમાં પણ ચોરી કર્યાનું કબુલતાં પોલીસ મુદ્દામાલ કબ્જે કરવા વિશેષ કાર્યવાહી કરી રહી છે. આ બંનેનો ભાવનગર ખાતેથી કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ બજારમાં આ રીતે તસ્કરો હાથફેરો કરી ચુક્યા છે. અગાઉ લાગલગાટ આઠથી વધુ દુકાનોમાં ચોરી અને ચોરીનો પ્રયાસ થયો હતો. જો કે આ વખતે ચોરી કરતાંની સાથે જ તસ્કરો પકડાઇ ગયા હતાં, જો કે આ ચોરને પકડનાર પોલીસ રાજકોટની નહિ પણ ભાવનગરની હતી.

# યુવતીના હાથમાંથી બે શખ્સે મોબાઈલ-રોકડની ચીલઝડપ

## મોબાઈલ-રોકડ ૨ હજાર મળી ૯ હજારની માતા ઝુંટવી બે અજાણ્યા શખ્શો છૂ

રાજકોટ, તા.૮

કોમ્પ્યુટર ક્લાસમાંથી નીકળેલી યુવતી શહેરમાં મહિલા કોલેજ ચોક નજીકના એક કોમ્પ્યુટર ક્લાસમાંથી નીકળીને ચાલીને જતી યુવતીના હાથમાંથી મોબાઈલ તેમજ મોબાઈલ ના કવર પાછળ રાખેલ રૂપિયા ૨૦૦૦ મળે રૂપિયા ૯,૦૦૦ ની મતાની ચીલ ઝડપ કરે બે અજાણ્યા શખ્સો નાસી છૂટતા આ બારાની માલવયા નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાય છે.

કાલાવડ રોડ પર કેકેવી ચોક થી આગળ તુલસી એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૮ એ વીંગ માં રહેતા અને ફૂલછાબ ચોક, નક્ષત્ર એપાર્ટ મેન્ટમાં આવેલા સૌરાષ્ટ્ર હોમ હેલ્થ કેર પ્રા.લી.માં નોકરી કરતા અલ્પાબેન કિશોરભાઈ માકડીયાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરીને જણાવ્યું છે કે તારીખ ૬ ના રાત્રિના દસેક વાગ્યાની આસપાસ તેણી સૂચક કોમ્પ્યુટર કોમ્પ્લેક્સ, મહિલા કોલેજ ચોક, કાલાવડ રોડ ખાતે ક્લાસીસમાંથી નીકળીને ચાલીને પોતાના ઘર તરફ જતા હતા ત્યારે મહિલા કોલેજ નજીક સામેથી આવેલા અને મોઢે રૂમાલ બાંધેલા એક અજાણ્યા શખ્સે તેમની પાસે આવીને હાથમાં રહેલો મોબાઈલ ખેંચવાની કોશિશ કરી હતી, પણ અલ્પાબેનએ મોબાઈલ છોડયો ન હતો. પરંતુ આ શકશે જોરદાર ઝટકો મારીને પોતાનો રૂપિયા ૭૦૦૦નો મોબાઇલ છીનવીને અજાણ્યો માણસ પલકવારમાં ગાયબ થઈ ગયો હતો. અલ્પાબેનને ફરિયાદમાં એવું પણ જણાવ્યું છે કે મોબાઈલના પાછળના કવરમાં તેણીએ રૂપિયા ૨૦૦૦ રોકડા રાખ્યા હતા. મોબાઈલ ઝુંટવી લેનાર શખ્સ સાથે બીજો અજાણ્યો શખ્સ પણ હતો. આ બંને શખ્સ પોતાનો મોબાઈલ તેમજ રોકડની ચીલ ઝડપ કરીને નાસી ગયાની માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા હેડ કોન્સ્ટેબલ એન.બી.બારૈયાએ ચીલ ઝડપકારોને શોધવા સીસી કેમેરાના ફૂટેજ સહિતની તપાસ આદરી છે.

# પતંગ ઉડાડતો ટેણીયો ત્રીજા માળેથી પટકાતા ઈજા

રાજકોટ, તા. ૮

ઉતરાયણ નજીક છે એ પહેલા પતંગને કારણે આકસ્મિક બનાવ શરૂ થઇ ગયા છે. ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ ગોકુલધામ સોસાયટીમાં રહેતો આદિત્ય રાજુભાઇ ચૌહાણ નામનો નવ વર્ષનો બાળક ત્રીજા માળે પતંગ ચગાવતો હતો ત્યારે અકસ્માતે નીચે પટકાતાં ગંભીર ઇજા થતાં સિવિલ



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આદિત્ય અને તેના માતા યુપી કાનપુર રહે છે. તેના પિતા રાજુભાઇ અહિ રાજકોટ રહી ડેરીમાં નોકરી કરે છે. આદિત્ય માતા સાથે થોડા દિવસ પહેલા જ રાજકોટ પિતા પાસે આવ્યો હોઇ પતંગ ઉડાડતી વખતે પડી ગયો હતો. તે એક બહેનથી મોટો છે અને બીજા ધોરણમાં ભણે છે. માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોતે છોકરી સમજી જેની સાથે ઈન્સ્ટાગ્રામ પર વાત કરતો હતો તેણે રેલનગરમાં મળવા આવવા કહ્યુંઃ પણ હોંશે હોંશે આવેલા સગીરને છોકરીને બદલે ઢગા મળ્યા

# છોકરીના નામની આઈડીથી સગીરને મળવા બોલાવી ગુજાર્યો સીતમ

## અજાણ્યા શખ્સોએ દસ હજાર માંગ્યાઃ ન દેતાં માર મારી ફોન પડાવી લીધોઃ આક્ષેપોને પગલે પોલીસ તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૮

બુલાતી હૈ પર જાને કા નહિ જેવું વધુ એક વખત થયું છે. સત્તર વર્ષના એક સગીર સાથે કોઇ છોકરીના નામની ઈન્સ્ટાગ્રામ આઇડી બનાવી વાત કરતું હતું. આ પછી આ યુવતિના નામે જ આ છોકરાને પડધરીના ન્યારા ગામેથી રાજકોટ મળવાના બહાને બોલાવી અજાણ્યા શખ્સોએ બેફામ મારકુટ કરી સિતમ ગુજાર્યો હતો અને મોબાઇલ ફોન પડાવી લીધો હતો. એટલુ જ નહિ કલાકો સુધી તેને હેરાન કરી તેને કંઇક પીવડાવી બાદમાં તેને નચાવ્યો પણ હતો. છેલ્લે મોડી રાતે તેને માધાપર ચોકડી નજીક છોડીને બધા ભાગી ગયા હતાં.





વિગતો પર નજર કરીએ તો યુવતિના નામે ખોટુ ઈન્સ્ટાગ્રામ આઇડી બનાવી તેના પરથી પડધરીના ન્યારા ગામના સત્તર વર્ષના સગીરને મેસેજ કરી, વાતો કરી બાદમાં માધાપર ચોકડીએ મળવા બોલાવી તેની પાસે પૈસા માંગતાં તેણે ન આપતાં બાઇકમાં અપહરણ કરી જુદી જુદી જગ્યાએ ફેરવી ઢીકા-પાટુનો માર મારી તેમજ મોબાઇલ ફોન પડાવી લીધાના આક્ષેપ સાથે સગીર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. પોતાને માદક પદાર્થ પીવડાવી અજાણ્યા શખ્સોએ તેને ધરાર નચાવ્યો પણ હોવાનો તેણે આક્ષેપ કરતાં આ ઘટનામાં ખરેખર શું થયું તેની પોલીસે તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી મુજબ ન્યારા ગામે રહેતો અને પાણીના કેરબાનું કામ કરતો સત્તર વર્ષનો સગીર રાજકોટમાં માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચે મૈસુર ભગત ચોકમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. રાતે દોઢ વાગ્યે આ સગીર દાખલ થયા બાદ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસમાં નોંધ કરાવી હતી.

પરંતુ રાતે પોલીસ નિવેદન નોંધે એ પહેલા તે રજા લઇ જતો રહ્યો હતો. બાદમાં આજે બપોરે ફરીથી તે સારવાર માટે દાખલ થયો હતો અને ચોંકાવનારા આક્ષેપો સાથે વિગતો જણાવી હતી. સગીરે કહ્યું હતું કે તે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરે છે. તેને એક યુવતિના નામથી ફ્રેન્ડ રીક્વેસ્ટ આવતાં પોતે તેમાં કેટલાક દિવસથી વાતો કરતો હતો. આ પછી બુધવારે બપોરે તેને મેસેજ કરી રાજકોટ મળવા બોલાવાયો હતો. પોતે નક્કી થયેલા સ્થળે રેલનગર પાસે ગયો હતો. પરંતુ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં કોઇ યુવતિ નહોતી પણ અજાણ્યા શખ્સો તેની પાસે આવ્યા હતાં અને અહિ શું કરે છે? કોને મળવા આવ્યો છે? કહી ડરાવી ધમકાવી પૈસા માંગ્યા હતાં.

તેણે પૈસા નથી તેમ કહેતાં તેને બાઇકમાં પરાણે બેસાડીને માધાપર ચોકડી મૈસુર ભગત ચોક નજીકમાં કોઇ સ્થળે લઇ ગયા હતાં. જ્યાં આઠેક શખ્સો પણ હતાં. આ બધાએ તેને કંઇક માદક પદાર્થ જેવુ પીવડાવી દીધા બાદ તેને પરાણે ડીસ્કો કરવા કહ્યું હતું. બપોરથી માંડી રાત સુધી એટલે કે છ સાત કલાક સુધી તેને આ રીતે હેરાન પરેશાન કરાયો હતો અને મારકુટ કરવામાં આવી હતી. બાદમાં તેનો મોબાઇલ ફોન પડાવી લીધો હતો. એ પછી મૈસુર ભગત ચોક નજીક મારકુટ કરી ઉતારીને બધા ભાગી ગયા હતાં. આ પછી આ સગીરે કોઇની મદદ લઇ હોસ્પિટલે પહોંચી તબિબને મારકુટ થયાની જાણ કરતાં પોલીસ કેસ જાહેર કરાયો હતો. જો કે રાતે પ્રાથમિક સારવાર લઇ આ સગીર નીકળી ગયો હતો. આજે બપોરે ફરીવાર સારવાર માટે દાખલ થયો હતો અને અપહરણ, મારકુટ, મોબાઇલ પડાવી લેવાયા સહિતની વિગતો જણાવી હતી. આ મામલે પોલીસે તપાસ આરંભી હતી.

નવા થોરાળામાં રહેતો યુવાન મિત્ર સાથે ત્રિશુલ ચોકમાં ફાકી ખાવા ગયો ત્યારે ચાર જણાએ આવી મારકુટ કરી, ગાળો દીધી ને છરી ઝીંકી

# કો'કની બહેનને મેસેજ કર્યા બાદ હુમલો!

## ઘાયલ યુવાનની ભક્તિનગર પોલીસમાં ચાર શખ્સો વિરૂધ્ધ FIR : આ યુવાનની ધર્મની બહેનને હુમલાખોર મેસેજ કરતો હતોઃ તેને ઠપકો આપતાં રોષે ભરાઇ ગયો

રાજકોટ, તા. ૮

અમુક તત્વો એવા હોય છે જે ખોટુ કર્યા પછી પણ લાજવાને બદલે ગાજતા હોય છે. ચોરી ઉપર સે સીનાજોરી જેવા એક બનાવમાં એક શખ્સે નવા થોરાળાના યુવાન પર બીજા ત્રણ જણા સાથે મળી હુમલો કરી માર મારી ગાળો દઇ છરી ઝીંકી દીધી હતી. આ યુવાનને બચાવવા તેનો મિત્ર વચ્ચે પડતાં તેને પણ ધોલધપાટ કરવામાં આવી હતી. હુમલામાં ઘાયલ યુવાનનો વાંક એટલો જ હતો કે તેણે પોતાની ધર્મની માનેલી બહેનને મેસેજ કરવાની ના પાડી હતી. આ વાતનો ખાર રાખી મેસેજ કરનારો શખ્સ પોતાના ત્રણ મિત્રોને સાથે લઇને ધસી આવ્યો હતો અને ગુંડાગીરી આચરી ભાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરના નવા થોરાળામાં રહેતાં અને ગુંદાવાડીમાં સીંગની દુકાનમાં કામ કરતાં યુવાનને તે મિત્ર સાથે પાન-ફાકી ખાવા હસનવાડી ત્રિશલ ચોકમાં ગયો ત્યારે એક શખ્સે તેને ફોન કરી ક્યાં છો તેમ પુછ્યા બાદ ત્રણ જણાને સાથે લાવી આ યુવાનને ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી છરી ઝીંકી દેતાં અને વચ્ચે પડેલા તેના મિત્રને પણ માર મારતાં સારવાર લીધી હતી. આ ઘટના બારામાં ભક્તિનગર પોલીસે નવા થોરાળા શેરી નં. ૭ ડો. એલ. કે. ચાવડાના દવાખાના પાસે રહેતાં અને ગુંદાવાડીમાં આવેલી સોના સીંગ નામની દુકાનમાં કામ કરતાં એકવીસ વર્ષના પંકજ નરેશભાઇ સાગઠીયાની ફરિયાદ પરથી જયેન્દ્ર સરવૈયા, કાર્તિક, પિયુષ અને અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો.

હુમલામાં ઘાયલ થયેલા પંકજે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મારા ભાઈ ચીરાગ તથા આશીષ સાથે સયુંક્ત પરીવારમા રહુ છું. તા. ૭ના રાતે સાડા દસેક વાગ્યાના અરસામા હુ ગુંદાવાડીમા



સોના સીંગ નામની દુકાને હતો ત્યારે મારા મિત્ર ઋત્વીક મકવાણા જે જલારામ ચોકમાંદ્વારકાધીશ સાડીમાં કામ કરે છે તેનો ફોન આવેલ અ ને મને કહેલ કે મને અહિયા બાઇક લઇને લેવા માટે આવ. જેથી હું મારું એકસેસ લઇને તેને લેવા માટે જલારામ ચોકમાં ગયો હતો. ત્યારે ઋત્વીકને ફાકી ખાવી હોઇ જેથી હું તેને વાહનમાં બેસાડી ત્રિશુલ ચોકમાં અમારા મિત્ર સાહિલ બથવારની દુકાને લઇ ગયો હતો. હું અને ઋત્વીક ત્રિશુલ પાન નામની દુકાન પાસે ઉભા હતા ત્યારે મારા ફોનમાં જયેન્દ્ર સરવૈયાનો ફોન આવેલ અને કહેલ કે તું ક્યા છો?

જેથી મેં ત્રિશુલ ચોકમાં હોવાનું કહ્યું હતું. આ પછી જયેન્દ્ર અને તેનો મિત્ર કાર્તિક સાગઠીયા તથા પિયુષ તથા તેની સાથે એક અજાણ્યો એમ ચાર શખ્સો આવ્યા હતાં. આ પછી જયેન્દ્રએ મને-તું કેમ મને ફોનમાં ગાળો આપે છે?` કાલે મને તું શું કહેતો હતો? તેમ કહીને જેમ ફાવેતેમ ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને મે ગાળો બોલવાની ના પાડતા જયેન્દ્ર સહિત ચારેયએ ઉશ્કેરાઇ જઇ મને ઢીકા પાટુનો માર માર્યો હતો. મિત્ર સાહીલ વચ્ચે છોડાવવા લાગતા તેને પણ ઝપાઝપી કરી મારકુટ કરી લીધી હતી.આ દરમિયાન કાર્તિકે તેના પેન્ટના નેફા માંથી છરી કાઢેલ અને મને વાસાંમા જમણા ખભાની નીચેના ભાગે એક ઘા મારી દીધો હતો.

આ કારણે હું નીચે પડી ગયો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં જયેન્દ્ર સહિત ચારેય ભાગી ગયા હતાં. આ પછી મને મિત્રો ઋત્વીક અને સાહિલ ટુવ્હીલરમાં બેસાડી ગુંદાવાડી ખાતે સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયા હતાં. ઈજા પર ડોક્ટરે ત્રણ ટાંકા લીધા હતાં. આ બનાવ બનવાનુ કારણ એ છે કે મારા ધર્મની માનેલી બહેનને જયેન્દ્ર સરવૈયા ફોનમાં મેસેજ કરતો હોઇ અને મેં તેને મેસેજ કરવાની ના પાડી હતી. આ બાબતતો ખાર રાખી જયેન્દ્રએ મને ફોન કરી ક્યાં છો પુછી હું ત્રિશુલ ચોમાં હોઉ ત્યાં બીજા ત્રણ શખ્સો સાથે આવી મારકુટ કરી છરી ઝીંકી દીધી હતી. તેમજ ગાળો આપી ઢીકા પા ટુનો માર માર્યો હતો. ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટ્ર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. કે. ડાંગરે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. એક તો બીજાની બહેનને મસેજ કરતો હતો અને આ વાતે ઠપકો મળતાં આ શખ્સ ગુંડાગીરી પર ઉતરી આવ્યો હતો. પોલીસ તેના સહિત ચારને શોધી રહી છે.

અદાવતને લીધે કરી હતી ક્રુર હત્યાઃ ડમ્પરના ફેરા કરી પરિવાર સાથે જીવન વીતાવતો હતો

# હત્યાના બે દાયકાથી ભાગેડુ સંજુ સાણસામાં

## પકડાઇ ન જાય એટલે ત્રેવીસ વર્ષથી મુળ વતનમાં પણ ગયો નહોતોઃ રાજ્ય બદલીને રહેતો હતોઃ પોલીસ અચાનક તેના સુધી પહોંચી જતાં થઇ ગયો હક્કો-બક્કોઃ હવે શરૂ થશે જેલની સફર

રાજકોટ, તા. ૮
ગુનેગારો ગુનો કરીને ગમે ત્યાં ભાગી જાય પણ પોલીસ ધારે તો તેને ધરતીના કોઇપણ છેડેથી શોધી કાઢતી હોય છે. આવા અનેક કિસ્સાઓ ગુજરાત પોલીસના નામે છે જેમાં આરોપીઓને બબ્બે દાયકા પછી પણ પોલીસે શોધી કાઢ્યા છે. ગંભીર ગુનાઓ આચરીને ભાગેલા અમુક તો પછી સાધુ બનીને રહેવા માંડતા હોય છે. તો અમુક ઘરસંસાર વસાવીને પછી શાંતિપુર્વક નવી જીંદગી જીવવા માંડતા હોય છે. દરયિમાન હત્યાના ગુનામાં ફરાર એક શખ્સને પોલીસે ત્રેવીસ વર્ષ પછી શોધી કાઢયો છે. જુની અદાવતને કારણે માથાકુટ થતાં ત્રીશુળના ઘા મારીને હત્યા કરનારો શખ્સ સતત ત્રેવીસ વર્ષથી ફરાર હતો અને હાલ ડમ્પરનું ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. હવે તેની આગળની જિંદગી જેલમાં પસાર થશે.

વિગતો પર નજર કરીએ તો સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૦૩માં થયેલી એક ચકચારી હત્યાના ગુનામાં છેલ્લા ત્રેવીસ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડવામાં ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી હતી. જૂની અદાવતમાં ત્રિશુળના ઘા ઝીંકી યુવકની કરપીણ હત્યા કરાઈ હતી. સુરત પોલીસની ટીમે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ઓપરેશન પાર પાડી આરોપીને મહારાષ્ટ્રના થાણે જિલ્લામાંથી દબોચી લીધો છે. લાંબા સમયથી કાયદાના હાથમાંથી બચવા માટે આરોપી પોતાનું ઠેકાણું બદલી રહ્યો હતો. પકડાયેલ આરોપીની ઓળખ કુંજ ઉર્ફે સંજય ઉર્ફે સંજુ બૈજનાથ ખેરવાર તરીકે થઈ હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે૨૦૦૩માં હત્યા કર્યા બાદ તે સુરત છોડીને ભાગી ગયો હતો.



પોલીસ પકડથી બચવા માટે મહારાષ્ટ્રના મીરારોડ, કાશીમીરા વિસ્તારમાં સ્થાયી થયો હતો. ત્યાં તે પોતાની ઓળખ છુપાવીને ડમ્પર ડ્રાઈવર તરીકે કામ કરતો હતો અને પોતાના પરિવાર સાથે જ રહેતો હતો. કેસની વિગતો અનુસાર વર્ષ ૨૦૦૩માં આરોપી સંજય ઉર્ફે સંજુએ તેના અન્ય સાથીદારો જગદીશ ઉર્ફે જગા અને કમલેશ કાઠીયાવાડી સાથે મળીને વિપુલ રાદડીયા નામની વ્યક્તિની હત્યા કરી હતી. અગાઉ વિપુલ રાદડીયાએ જગદીશને નેપાળમાં ચપ્પુ મારવાનો -યાસ કર્યો હતો. જેની અદાવત રાખીને આરોપીઓએ વિપુલને રિક્ષામાં બેસાડી પુણા-કુંભારીયા રોડ પર સમર્ષી રો હાઉસ સામેની ખુલ્લી જગ્યામાં લઈ ગયા હતા. હત્યાના ઈરાદે કરવામાં આવેલા આ હુમલામાં આરોપીઓએ ક્રૂરતાની હદ વટાવી હતી. જાહેર રોડ પર આરોપીઓએ નાના ત્રિશુળ વડે વિપુલના માથાના ભાગે ૭-૮ ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

જેના કારણે વિપુલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ભયાનક કૃત્ય બાદ આરોપી સંજય પોલીસને ચકમો આપીને રાજ્ય બહાર નાસી છૂટયો હતો. આરોપીને પકડવા માટે પોલીસની ટીમે છેલ્લા એક મહિનાથી સઘન તપાસ શરૂ કરી હતી. સૌપ્રથમ આરોપીના મૂળ વતન ઉત્તરપ્રદેશના જોનપુર ખાતે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તે ત્રેવીસ વર્ષથી વતનમાં આવ્યો જ નથી. ટેકનીકલ અને હ્યુમન સોર્સની મદદથી જાણવા મળ્યું કે તે થાણેના કાશીમીરા વિસ્તારમાં માટીનું ડમ્પર ચલાવે છે અને ત્યાં શંકર ભગવાનના મંદિર પાસેના મકાનમાં રહે છે. ચોક્કસ માહિતીના આધારે પોલીસે મીરારોડ પુર્વમાં દરોડો પાડી આરોપી સંજયને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. આરોપીએ પૂછપરછમાં કબુલાત કરી હતી કે તે પોલીસથી બચવા માટે જ પરિવાર સાથે ત્યાં જ સ્થાયી થઈ ગયો હતો.

પરિવાર સાથે સુખેથી જીવન જીવી રહેલા આ આરોપીને સપને પણ ખ્યાલ નહોતો કે હવે છેક ત્રેવીસ વર્ષ પછી પોલીસ તેને શોધી શકશે. પણ કાનૂન કે હાથ લંબે હોતે હૈ એ વાત તે ભુલી ગયો હતો. ફિલ્મી ડાયલોગની જેમ પોલીસ તેના સુધી પહોંચી ગઇ ત્યારે તેના હોંશ ઉડી ગયા હતાં. હાલમાં આ આરોપીનો કબજો કાપોદ્રા પોલીસને સોંપવાની અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ કરવામાં આવી હતી. આમ ગુનેગાર ગમે એટલો શાતીર અને ચાલાક હોય તેને પોલીસ એક દિવસ તો શોધી જ કાઢતી હોય છે. આ વાત વધુ એક વખત સાબીત થઇ છે.

# ગુજસીટોકમાં ફરાર લીસ્ટેડ બુટલેગર અજમેરથી ઝડપાયો

## ધીરેનની ૬૧ ગુનાઓમાં સંડોવણીઃ આશ્રય સ્થાનોની તપાસ

રાજકોટ, તા.૮
નામચીન બુટલેગર અને ગુજસીટોકના ગુન્હામાં નાસતા ફરતા ધીરેન કારિયાને બાતમીના આધારે અજમેરથી ક્રાઈમ બ્રાન્ચે દબોચીને જુનાગઢ લાવી ભેંસાણના દારૂના ગુન્હામાં ધરપકડ કરી છે. આગામી દિવસોમાં અન્ય ગુન્હાઓમાં તેની ધરપકડ કરવામાં આવશે. લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા સામે રાજયના વિવિધ પોલીસ સ્ટેશનના ૬૧ ગુન્હા દાખલ થયા હોવાનું ક્રાઈમ બ્રાંચે જણાવ્યું હતું.

મળતી વિગત મુજબ જુનાગઢના લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા અને તેની ટોળકી સામે સાતેક માસ પહેલા ગુજસીટોકનો ગુન્હો દાખલ થયો હતો. તે સમયે પોલીસે ઉદય નરોતમ દવે, જુનાગઢ, વિપુલ ઉર્ફે ભુપત ઉર્ફે કડી સુરા સુત્રેજા, ધંધુસર (વંથલી), અજય રૂડા મેરામણ કોડીયાતર, જુનાગઢ, સમીર ડોસા લખમણ કોડીયાતર, કીરીટ ઉર્ફે કીટો ભગા છેલાણા જુનાગઢ, ભુપત પુંજા કોડીયાતર .જુનાગઢ અને પરમ ધીરેન કારીયા, રાયજી બાગ જુનાગઢ વાળાઓની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ ધીરેન અમૃતલાલ કારીયા ફરાર હતો તેનો પત્તો કયાંય લાગ્યો ન હતો.બુટલેગરની રાજસ્થાનના અજમેર હોવાની બાતમી મળતા ક્રાઈમ



બ્રાંચે અજમેર જઈ ત્યાંના આદર્શનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે પકડીને જુનાગઢ લાવી હતી.

જુનાગઢના ડીવાયએસપી રવીરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે ધીરેન કારીયા સામે જુનાગઢ, રાજકોટ ગ્રામ્ય, મોરબી, પાટણવાવ, વટવા જામજોધપુર સહિતના રાજયના વિવિધ પોલીસ સ્ટેશનના ૬૧ ગુન્હા નોંધાઈ ચુક્યા છે. મોટાભાગના ગુન્હાઓ દારૂ અને દારૂ હેરફેર કરવાના, વાહનોની બોગસ નંબર પ્લેટના ગુન્હા છે. જુનાગઢ-ભેંસાણના દારૂના ગુન્હામાં ફરાર હતો. પોલીસે જણાવ્યું હતું કે જાણે અજાણે પણ કોઈએ મદદ કરી હશે. તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.ત્યાર સુધી તેમણે ક્યા ક્યા આશ્રય લીધો તેની તપાસ શરુ કરવામાં આવી છે.

મિત્રની માથાકુટની પોલીસ ફરિયાદમાં સાક્ષી બન્યો અને ખાર રાખી ત્રણ ત્રણ હુમલા કરાયા

# હુમલાથી બચેલા શખ્સને પોલીસ સ્ટેશનમાં ધમકી

## માર મારવાની સોપારી આપનારાએ માજા મુકીઃ રસ્તામાં, પોલીસ સ્ટેશનમાં અને પછી હોસ્પિટલમાં જઇ ગુંડાગીરી કરીઃ થોરાળા પોલીસે FIR દાખલ કરી

રાજકોટ, તા. ૮
અમુક છાપેલા કાટલાઓ કે પછી બીજા શખ્સોને પોલીસનો ડર જ ન હોય એ રીતે ગુનાખોરી આચરતા રહે છે. એક ઘટનામાં એંસી ફુટ રોડ આજી વસાહતમાં રહેતો યુવાનને તે મિત્રની પોલીસ ફરિયાદમાં સાક્ષી રહ્યો હોઇ તેના કારણે તેને મારી નાખવાની સોપારી એક શખ્સે આપતાં સોપારી લેનારે આ યુવાનને આંતરી મારકુટ કરી છરી બતાવી ધમકી દીધી હતી. પછી આ યુવાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જતાં સોપારી આપનારો ત્યાં એટલે કે પોલીસ સ્ટેશનમાં ઘુસી ગયો હતો અને ત્યાં પણ ધમકી ઠપકારી દીધી હતી! આટલુ ઓછુ હોય તેમ યુવાનને ઇજા થઇ હોઇ ભાઇ, મિત્ર તેને સિવિલ હોસ્પિટલે લઇ જતાં સોપારી આપનારો શખ્સ ત્યાં પણ પોતાની, પોતાના ભાઇની પત્નિ સહિત ચારને સાથે લઇ હોસ્પિટલે પહોંચી ગયો હતો અને બાકાઝીકી બોલાવી હતી. આમ ત્રણ-ત્રણ ડખ્ખા કરવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો થોરાળા પોલીસે આજી વસાહત આંબેડકરનગર-૧૦, એંસી ફુટ રોડ પર રહેતાં અને છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં ગીરધરભાઇ પુંજાભાઇ સોલંકી નામના સાડત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ગૌરવ ઉર્ફ ગયો શક્તિભાઇ રાઠોડ, પ્રકાશ, તેની પત્નિ, પ્રકાશના ભાઇ દિપકની પત્નિ અને હિતેષ ઉર્ફ ટકો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.



ગીરધરભાઇ સોલંકીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. ગત ચોવીસ નવેમ્બરના રોજ હું રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં તે આજી વસાહત પાસે કમાણી ફાઉન્ડ્રી શીવ શક્તિ કિચન વેર પાસ મારુ મોટરસાયકલ ઉભુ રાખી ઘોડી ચડાવી તેના પર બેસી ફોન પર વાત કરી રહ્યો હતો તે સમયે ગૌરવ ઉર્ફે ગવો શક્તિભાઈ રાઠોડ નામના શખ્સે અચાનક આવી છરી વડે હુમલો કર્યો હતો. હું ખસી જતાં બચાવ થયો હતો, પરંતુ બીજી વારના હુમલામાંજમણા હાથના પંજામાં ઈજા થઈ હતી.

ગીરધરે આગળ કહ્યું કે આ હુમલો થતાં મેં ગૌરવને તું શું કામ મારા પર હુમલો કરે છે? તેમ પુછતાં તેણે કહ્યું હતું કે-તને મારી નાખવાની મને પ્રકાશે સોપારી આપી છે. આથી મેં તેને પ્રકાશ વિશે પુછતાં તેણે પ્રકાશ બાજુની શેરીમાં ઉભો છે તેમ કહ્યું હતું. આથી હું ગૌરવને લઇ બાજુની શેરીમાં જતાં ત્યાં પ્રકાશ હાજર હતો. બાદમાં આ બંનેએ ભેગા મળી આજે તો તને જાનથી મારી જ નાખવો છે કહી ધમકી આપી હતી. તેમજ મારી સાથે ઝપાઝપી અને ગાળાગાળી કરતાં મેં બુમો પાડતાં લોકો ભેગા થઇ ગયા હતાં. આ વખતે પ્રકાશે છરી કાઢી હોઇ તે નેફામાં મુકી દીધી હતી. હું મારી દિકરીને ટ્યુશનમાં લેવા જવા નીકળી ગયો હતો. એ પછી દિકરીને તેડી પોણા નવેક વાગ્યે ઘરે પહોંચ્યો ત્યારે શેરીમાં રેહતાં ધવલનો ફોન આવ્યો હતો અને કહેલુ કે પ્રકાશ મારી પાછળ છરી લઇ હુમલો કરવા દોડ્યો છે.

આથી હું ધવલને મળવા રેન બસેરા પાસે ગયો હતો. જ્યાં ધવલ નહોતો. પણ પ્રકાશ અને બીજા ત્રણ શખ્સો ઉભા હતાં. થોડીવારમાં પ્રકાશની પત્નિ, તેના ભાઇ દિપકની પત્નિ અને હિતેષ ઉર્ફ ટકો આવી ગયા હતાં. આ પછી પ્રકાશ, તેની પત્નિ, હિતેષ ઉર્ફ ટકો અને દિપકની પત્નિએ મને બેફામ ઢીકાપાટુ માર્યા હતાં અને પ્રકાશે છરીની મુઠથી ડાબી આંખ ઉપર ઘા મારતાં અને ટકાએ ફડાકા મારતાં ઇજા થઇ હતી. હું ભાગીને થોરાળા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ત્યાં પણ પ્રકાશે આવીને ધમકી આપી હતી. જેથી મેં ૧૦૮ બોલાવી હતી અને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ગયો હતો. આ વખતે ધવલ ઉર્ફ ધર્મેશ મારી સાથે હતો. રાતે બે વાગ્યે પ્રકાશ, તેની પત્નિ અને હિતેષ ઉર્ફ ટકો તથા બે અજાણ્યા શખ્સો હોસ્પિટલે પણ પાછળ આવ્યા હતાં અને અહિ પણ ગાળાગાળી કરી પ્રકાશે ફડાકા મારી દીધા હતાં.

આ વખતે મારા ભાઇ રમેશભાઇ સોલંકી હાજર હોઇ તે ફોનમાં વિડીયો ઉતારતાં હોઇ પ્રકાશની પત્નિએ મારા ભાઇનો મોબાઇલ ફોન ઝુંટવી લીધો હતો અને દિવાલમાં ઘા કરી તોડી નાંખ્યો હતો. તેમજ મારી સાથે ઝપાઝપી કરી જેકેટ ફાડી નાંખ્યું હતું. આ વખતે પણ પ્રકાશે છરી કાઢી હુમલો કરતાં મારા માસાના દિકરા પ્રવિણભાઇ મકવાણાએ પકડી લેતાં તેને હાથમાં ઇજા થઇ હતી. ધવલે ૧૧૨માં ફોન કરતાં પોલીસ હોસ્પિટલ ખાતે આવી હતી અને ધર્મેશ ઉર્ફ ધવલ હમીરભાઇ મકવાણાએ ત્યારે પ્ર.નગરમાં ફરિયાદ કરી હતી. આ માથાકુટનું કારણ એ છે કે મારા મિત્ર ધવલ ઉર્ફ ધર્મેશે ૨૪મીએ જ થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી હોઇ તેમાં હું સાક્ષી તરીકે હતો. આ બાબતનો ખાર રાખી મારા પર હુમલો કરવાની પ્રકાશે સોપારી આપતાં ગૌરવ ઉર્ફે ગવાએ મને આંતરી ઝઘડો કર્યો હતો. એ પછી હોસ્પિટલમાં પ્રકાશ સહિતનાએ આવી મારામારી કરી છરીથી હુમલો કર્યો હતો. તેમ વધુમાં ગીરધરભાઇએ કહેતાં થોરાળા પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.

વ્હોટ્સએપ મારફત એપીકે ફાઇલ મોકલી છેતરપીંડી કરવાનો વધુ એક કિસ્સો


# કારીગરને લગ્નનું આમંત્રણ પડ્યું અઢી લાખમાં!

## સગાની કંકોત્રી સમજી APK ફાઇલ ઓપન કરતાં જ ફોન હેક થયો અને બેંક ખાતુ ખાલી થઇ ગયુંઃ બીજી ઘટનામાં મ્યુલ એકાઉન્ટ ખોલી અગીયાર રાજ્યોના ચોવીસ લોકોની ફ્રોડની રકમ કરી જમાઃ બે પકડાયા

રાજકોટ, તા. ૮
રોજબરોજ કોઇને કોઇ બની જાય છે સાયબર ક્રાઇમનો ભોગ, એક પણ દિવસ ગઠીયાઓ ખાલી જવા દેતાં નથી. સાયબર ક્રાઇમ પોલીસ સતત લોકોને ચેતવતી રહે છે કે ફ્રોડથી બચતા રહો. પણ લોકો જાગૃત થતાં નથી એટલે ગઠીયા ફાવી જાય છે. એપીકે ફાઇલ થકી ફ્રોડની ઘટનાઓ પણ સતત બનતી રહે છે. આમ છતાં લોકો જાણતા અજાણતા ભુલ કરી બેસે છે અને બની જાય છે શિકાર. લગ્નના આમંત્રણ કે આરટીઓના ઇ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલી મોબાઇલ હેક કરી ઠગાઇ કરવામાં આવે છે. આવી જ એક ઠગાઇ આધેડ સાથે થઇ છે. તેમને લગ્નની કંકોત્રીના નામે એપીકે ફાઇલ મોકલી તેમનું બેંક એકાઉન્ટ સફાચટ કરી લેવાયું હતું. બીજી તરફ આણંદના બાલાસિનોરમાં એક મ્યુલ એકાઉન્ટનો કેસ થયો છે જેમાં અગીયાર રાજ્યના ફ્રોડનો ભોગ બનેલા લોકોના રૂપિયા જમા થયા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો સાયબર ફ્રોડ કરનારે લગ્નની કંકોત્રીના નામે ઠગાઇ શરૂ કરી છે તેમાં વધુ એક શિકાર કરવામાં સફળતા મેળવી છે. વ્હોટ્સએપ પર ગઠીયાએ મોકલેલી કંકોત્રીની એપીકે ફાઇલ ખોલતા જ એમ્બ્રોઇડરીના કારીગરના ખાતામાંથી ફ્રોડ કરનારે ફોન હેક કરીને તેના ખાતામાંથી ત્રણ ટ્રાન્જેકશન કરીને અઢી લાખ લઇ લીધાનો બનાવ બન્યો છે. રકમ નાની છે પણ નાના માણસ માટે આ રકમ ખુબ મહત્વની છે. વાલક ગામ વૃંદાવન હોમ્સમાં રહેતા વિનુભાઇ મકોડભાઇ નાકરાણી નામના ઓગણપચાસ વર્ષના આધેડ મગોબ આઇ માતા રોડ સ્થિત ભાગ્યોદય ઇન્ડસ્ટ્રીઝમાં એમ્બ્રોઇડરીના કારખાનામાં કામ કરે છે. વિવનુભાઇ નોકરી પર હતા ત્યારે તેમના વ્હોટ્સએપ પર લગ્નનું આમંત્રણ કાર્ડ.એપીકેની લીંક આવી હતી.

આ એપીકે લિક આવતાં જ વિનુભાઇને એમ કે કોઇ સંબંધીએ મોકલી એમ સમજીને લીંક ખોલી હતી. પણ આમંત્રણ કાર્ડ ખુલ્યુ ન હતું. જેથી વિનુભાઇએ તમે કોણ છો એમ મેસેજ મોકલ્યો હતો. પણ કોઇ જવાબ આવ્યો




ન હતો. બીજા દિવસે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં ગઠીયાએ વિનુભાઇનો મોબાઇલ ફોન હેક કરી લીધો હતો. જેથી ફોન અચાનક ચાલુ થઇ ગયો હતો. પણ સિમકાર્ડ બંધ થઇ ગયો હતો. દરમિયાનમાં ગઠીયાએ તેમના બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાંથી રૂ.૯૬,૦૦૦, બીઓબીના ખાતામાંથી ૮૯૨૫૦ તથા યુનિયન બેંકના ખાતામાંથી રૂ.૬૮,૦૦૦ મળી કુલ રૂ.૨,૫૩,૨૫૦ ટ્રાન્સફર કરી લીધા હતા. બનાવ અંગે વિનુભાઇએ લસકાણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સાયબર ફ્રોડના ગુનો નોંધી તપાસ આદરી છે.

આ ફ્રોડ કઇ રીતે થતું હોય છે તે અંગે નિષ્ણાંત કહે છે કે એપીકે ફાઇલ એક પ્રકારનો સોફટવેર છે. જેના કોડીંગના કારણે મોબાઇલ હેક કરી શકે છે. ભૂલથી કદાચ એપીકે ફાઇલ ડાઉનલોડ કરવામાં જો ફોન હેક થાય તો સૌથી પહેલા મોબાઇલને ફલાઇટ મોડમાં મુકી દો, અથવા ફોનમાંથી સીમકાર્ડ કાઢી નાખો, જેથી ફોન હેક કરી શકશે નહિ. સેટિંગમાં જઈ એપમાં ચેક કરી શકો છો, જો એપ ડાઉનલોડ થઈ હોય તો એપ ડિટેઇલ્સ ઈન સ્ટોરમાં એપ્લીકેશન કેવી રીતે ડાઉનલોડ થઈ તે પણ બતાવી દેશે. જાણકાર પાસે એપ ડીલીટ કરાવી દેવાની અને પોલીસને જાણ કરવી. આથી ફ્રોડથી બચી શકાય છે.

સાયબર ફ્રોડના અન્ય બનાવમાં આણંદના બાલાસિનોર તાલુકામાં મ્યુલ એકાઉન્ટનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે. પોલીસ તપાસમાં કારસ્તાન સામે આવ્યા બાદ લુણાવાડાની બેન્ક ઓફ મહારાષ્ટ્રનું બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર પાંડવા ગામના એક સહિત કુલ ત્રણ શખ્સો સામે ગુનો દાખલ થયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, બાલાસિનોરના આ શખ્સના ભાડે આપેલા એકાઉન્ટમાં જુદા જુદા ૧૧ રાજ્યોના ૨૪ લોકોના પૈસા જમા થયા છે. બીજી તરફ પોલીસે આ ગુનામાં બે શખ્સોની ધરપકડ કરી હતી. બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇએ જાતે ફરિયાદી બની બાલાસિનોર તાલુકાના પાંડવા ગામમાં પંચાયત મિલકતમાં રહેતા દશરથભાઇ કિશોરભાઇ ગોંડલિયા, દેવેન્દ્રભાઇ ડોડિયા અને ગુરૂ નામના ત્રણ શખ્સો સામે મ્યુલ એકાઉન્ટ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

જેમાં જણાવ્યા અનુસાર થોડા સમય પહેલાં દેવેન્દ્ર અને ગુરૂ નામના શખ્સોના સંપર્કમાં આવ્યા બાદ પાંડવાના દશરથભાઇ ગોંડલિયાએ પોતાના નામનું એકાઉન્ટ લુણાવાડાની બેન્ક ઓફ મહારાષ્ટ્રની શાખામાં ખાતું ખોલાવ્યું હતું. જેમાં ગુજરાત સહિત જુદા જુદા ૧૧ રાજયના સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૨૪ લોકોના રૂ.૭૩,૮૧૬ની રકમ જમા થઇ હતી. બેન્ક એકાઉન્ટ ભાડે આપવા બદલ દશરથભાઇને પાંચ ટકા કમિશન આપવામાં આવતું હતું. પોલીસે ત્રણેય શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા અને આઇટી એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. આ ફરિયાદ સંદર્ભે દશરથભાઇ કિશોરભાઇ ગોંડલિયા અને રાજુભાઇ ઉર્ફે ગુરૂ મહેશ કેશુભાઇ વસોયા નામના શખ્સોની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી હતી.

### ઓનલાઇન નહિ આ તો રૂબરૂ આવીને ફસાવી ગયાઃ હોટેલમાં સેમિનાર યોજી શિકાર કર્યો

# નફાની લાલચે ચોવીસ લાખનો ચૂનો

## કોન્ટ્રાક્ટર યુવાન લાલચમાં આવી ગયોઃ ઓનલાઇન એપમાં નફો તો મોટો દેખાડતો હતો પરંતુ એક પિયોય વીડ્રો ન થઇ શક્યોઃ રોકાણ કરાવનારા ચાર જણાને ફોન કરતાં ધમકીઓ મળી

રાજકોટ, તા.૮

લલચામણી લોભામણી સ્કીમોનો ઉપયોગ કરી ગઠીયાઓ ગામને સતત છેતરતા રહે છે. વધુ એક બનાવમાં લોભમણી સ્કીમમાં રોકાણ કરવા જતાં યુવાનને ચાર ગઠીયાઓએ ચોવીસ લાખનો ચૂનો લગાવી દીધો છે. એક કોન્ટ્રાક્ટર યુવાન શોર્ટકટથી નાણા મેળવવા માટેની એકના ડબલની સ્કીમમાં અમદાવાદની એક મહિલા સહીતના ચાર શખ્સોની ચુંગાલમાં ફસાયો હતો, અને તેણે રોકાણ કરવા માટે આપેલી રૂપિયા ૨૩.૯૮ લાખની રકમ ગઠીયાઓ ખાઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો કોન્ટ્રાક્ટર યુવાને જે રકમનું વિશ્વાસ મુકીને રોકાણ કર્યુ હતું તે તેને પરત અપાઇનહોતી. મોટા ભાગના માણસો રૂપિયા કમાવવાની લ્હાયમાં શોર્ટકટ પસંદ કરતા હોય છે. આવી જ પ્રજાતિના માણસો અન્ય લોકોનું કરી નાખવા માટે જાળ બિછાવતા હોય છે. એ જાળમાં જે ફસાય તેને આર્થિક નુકસાની સિવાય કઈ મળતું નથી. આવો જ એક કિસ્સો જામનગરમાંથી સામે આવ્યો છે. જેમાં એક કોન્ટ્રાકટર એકના અનેક કરવાની લાલચમાં આવી ગયા અને ઠગબાજોની સ્કીમનો ભોગ બની જતા લાખો રૂપિયા ગુમાવી દીધા છે. અમદાવાદના ચાર શખ્સોએ આ યુવાનને મોટા વળતરની લાલચ આપી ૨૩.૯૮ લાખની રકમ ખંખેરી લીધી હોવાનું જાહેર થયું છે. પોલીસે અમદાવાદના ચાર શખ્સો સામે છેતરપીંડી સબબ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુ વિગત અનુસાર ટૂંકા ગાળામાં પૈસાદાર કે પૈસા કમાવવા માટે અમુક સાતીર સખ્સો અનેક લોકોને છેતરવા બજારમાં નીકળી પડે છે, એવા જ અમદાવાદ રહેતા મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત અને ભવ્ય પટેલ નામના શખ્સોએ પૈસા કમાવવા સુયોજિત પ્લાન રચ્યો હતો. જે મુજબ રાજ્યભરમાં પોતાના પરિચિતોને જાણ કરી એકના અનેક રૂપિયા કરી આપવા માટે રોકાણની સ્કીમ લોન્ચ કરી, બે ગણું રીટર્ન આપવાની સ્કીમ તૈયારી કરી આ શખ્સોએ 'એક્સીસવર્ડ' કંપનીમાં રોકાણના નામે જાળ બિછાવી હતી. અમદાવાદના મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત અને ભવ્ય પટેલ નામના શખ્સોએ એકના ડબલ



આપવાની સ્કીમ લોન્ચ કરી જાળ બિછાવી હતી. જામનગર ખાતે હોટેલ વિવિધ ખાતે એક લાલચ આપતાં સેમીનારનું આયોજન કર્યો હતું.

આ સેમિનારમાં સિત્તેરથી વધુ લોકો જોડાયા હતા. જેમાં અમદાવાદના ઠગબાજોએ તમામને સમજાવેલ કે અમારી સાથે રોકાણ કરવાથી એક વર્ષે ડબલ અને બે વર્ષે ત્રણ ગણું રીટર્ન મળશે, વૈભવી હોટેલની ચમક દમક વચ્ચે ઠગબાજોએ હાજર લોકોને આઈડી બનાવી એક સોટવેરમાં રોકાણ અંગેનો ડેમો પણ બતાવ્યો હતો. હોટેલમાં યોજેલ સેમીનારમાં આરોપીઓએ એક્સીસવર્ડ કંપનીમાં રોકાણ કરવા લાલચ આપી હતી જે મુજબ જે તે રોકાણકાર કંપનીમાં રોકાણ કરવા ઈચ્છે તો તેઓએ પોતાના નાણા આંગડીયા મારફત મોકલવાના રહેશે, એવો નિયમ બનાવાયો, જે નાણા ચારેય શખ્સોને મળે છે તે નાણાને તેઓ અમેરિકન ડોલરમાં કન્વર્ટ કરી એટલે કે ડોલરની ખરીદી કરશે એમ કહેવાયું હતું.

પણ રોકાણ માટે એક માત્ર આંગડીયા નહિ પરંતુ બેંક કે રોકડરૂપે પણ નાણા સ્વીકારવામાં આવશે એમ તેઓએ જણાવ્યું હતું. એક ખાનગી કંપનીમાં પેટા કોન્ટ્રાકટર તરીકે કાર્યરત એવા મયુર કાન્તીભાઈ ગોહિલએ જામનગર ખાતે યોજેલા સેમીનારમાં ભાગ લીધો હતો. જે સ્કીમ સારી લાગતા તેઓએ આરોપી હરેશ બારૈયાના પત્નિ સ્વેતા બારીયાના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૩.૯૯ લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ એક આઈડી બનાવી મયુરભાઈને મોકલ્યું હતું. જેમાં રોકાણ, નફો અને નુકસાનીના આકડા બતાવવામાં આવતા હતા.

ચાર લાખના રોકાણ બાદ બે મહિનામાં વધુ નફો જે તે આઈડી પર દેખાતા મયુરભાઈ વધુ નાણા રોકવા માટે તૈયાર થયા હતા. અમદાવાદની એક્સીસવર્ડ નામની ઠગ કંપનીના ચારેય ઠગબાજોની જાળમાં જામનગરના મયુરભાઈ સપડાઈ ગયા, મયુરભાઈએ ચાર લાખના રોકાણ બાદ વધુ નફાની લાલચે આંગડીયા મારફતે રૂપિયા ૨,૬૨,૦૦૦, ૮,૫૫,૦૦૦, ૪,૬૮,૦૦૦ અને તા.૩/૪/૨૦૨૫ના રોજ વધુ એક વખત આંગડિયા મારફતે રૂપિયા ૧,૪૮,૫૦૦, અને બેંક દ્વારા રૂપિયા ૯૫,૦૦૦ તથા રૂપિયા ૧,૫૩,૪૦૦ની રકમ જમા કરાવી હતી. આમ કુલ ૨૩,૯૮,૭૦૦ મુડી મયુરભાઈએ એક વર્ષમાં જમા કરાવી હતી. મયુરભાઈએ આશરે ૨૪ લાખનું રોકાણ કર્યા બાદ કંપનીના સોટવેરમાં તેની એન્ટ્રીઓ પણ બતાવતી હતી, અને આ રોકાણ બાદ મળેલ નફો પણ થતો હતો.

તગડા રોકાણ બાદ મયુરભાઈએ જોઈતી રકમ વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ જે તે એકાઉન્ટમાથી બેંક ખાતામાં ટ્રાન્સફર થતી ન હતી. જેથી તેઓએ કંપનીના ઠગબાજોનો સંપર્ક કર્યો હતો પરંતુ ઠગબાજો યેનકેન ઉતર આપી દેતા હતા. વારેવારે કોલ કરવામાં આવતા ઠગબાજો ધમકી સુધી પહોચી ગયા અને છેવટે તો ફોન રીસીવ કરવાનું પણ બંધ કરી દીધું હતું. જેને લઈને પોતે છેતરાઈ ગયા હોવાનો ભાવ થયો હતો. અમદાવાદની એક્સીસવર્ડ કંપનીના ચારેય શખ્સો સામે મયુરભાઈ ગોહિલે સીટી.સી ડીવીઝન પોલીસમાં અરજી કરી પોતાની ફરિયાદ આપી હતી. પોલીસે ચારેય શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમો મુજ ફરિયાદ નોંધી હતી. જામનગરમાં એક માત્ર મયુરભાઈ જ નહિ પણ અન્ય લોકો પણ ચીટર ટોળકીના જાસામાં આવી ગયા હોવાની વિગતો આધારભૂત સુત્રો પાસેથી જાણાવા મળી છે. જો કે આ લોકો હજુ પોલીસ સુધી પહોંચયા નથી.

# દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

### ક્રાઇમ બ્રાંચે કલ્યાણનગરના શખ્સને પકડયોઃ ઘનશ્યામનગર, રતનપરના શખ્સોના નામ ખુલ્યા

રાજકોટ, તા. ૮

મકર સંક્રાંતિનો તહેવાર નજીક આવી રહ્યો હોઇ ફરી બુટલેગરો સક્રિય થયા છે અને નવા નવા નુસ્ખા અજમાવી રહ્યા છે. કારની નંબર પલેટ બદલી દારૂ-રમની બોટલોની હેરાફેરી કરવામાં આવી રહી. તે વખતે જ શહેર ક્રાઇમ બ્રાંચે રાજકોટ-મોરબી હાઇવે પરના રતનપરમાં વોચ રાખી શખ્સને દારૂ ભરેલી કાર સાથે પકડી લેતાં બીજા ત્રણ નામો ખુલ્યા હતાં.




વિગતો પર નજર કરીએ તો વિદેશી દારૂ કે જે ટ્રીપલ એક્સ ઓલ્ડ મોન્ક રમ હતી તેની રૂા. ૬,૫૧,૬૦૦ની ૪૩૨ બોટલો ભરેલી કાર સાથે સહકાર રોડ કલ્યાણનગરના મહિપાલસિંહ લગધીરસિંહ ઝાલાને રાજકોટ-મોરબી હાઇવે પર રતનપર ગામની શુભ હોટેલવાળી શેરીમાંથી પકડી લીધો છે. આ કારમાં નકલી નંબર પ્લેટ જીજે૩૮બીજે-૨૧૦૦ લગાડાઇ હતી. કારમાંથી અસલી નંબર પ્લેટ જીજે૦૮ડીએસ-૮૭૨૫ મળી આવી હતી. પુછતાછમાં આ શખ્સે કબુલ્યુ હતું કે દારૂનો આ જથ્થો ઘનશ્યામનગરના હિતેન્દ્ર ઉર્ફ ભુરો દિલીપસિંહ ઝાલા અને રતનપરના લક્કીરાજ ઉર્ફ લક્કી રઘુવીરસિંહ ઝાલાએ મંગાવ્યો હતો. આ બંને તથા દારૂ ભરેલી કાર આપી જનારાની શોધખોળ થઇ રહી છે. ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. જયરાજભાઇ કોટીલા, રાજેશભાઇ જળુ અને પ્રદીપસિંહ જાડેજાને બાતમી મળતાં રતનપરમાંથી દારૂ ભરેલી કાર સાથે મહિપાલસિંહ ઝાલાને પકડી લીધો હતો.

પોલીસે કારમાં તપાસ કરતાં ઓલ્ડ મોન્ક ટ્રીપલ એક્સ રમની રૂા. ૫,૬૧,૬૦૦ની ૪૩૨ બોટલ મળી આવી હતી. ૭૫૦ એમએલની આ બોટલો ઉપર ફોર સેલ ઇન ગોવાના માર્કા હતાં. ઝડપાયેલા મહિપાલસિંહે કબુલ્યું હતું કે આ દારૂનો જથ્થો સહકાર રોડ ઘનશ્યામનગરના હિતેન્દ્ર ઉર્ફ ભુરો ઝાલા અને રતનપરના લક્કીરાજ ઉર્ફ લકી ઝાલાએ મંગાવ્યો હતો. આ બંનેનો કોઇ મિત્ર દારૂ ભરેલી કાર આપી ગયો હતો. પોલીસને કારની અંદરથી બે નંબર પ્લેટ મળી હતી. જે આ કારના સાચા નંબર હતાં. કારમાં જે નંબર હતાં તે ખોટા હતાં.

અગાઉ પણ મહિપાલસિંહ ઝાલા વિરૂધ્ધ લોધીકા, ડીસીબી, ભક્તિનગરમાં દારૂ-જૂગારના ચાર કેસ નોંધાઇ ચુક્યા છે. જ્યારે હિતેન્દ્ર ઉર્ફ ભુરા વિરૂધ્ધ જસદણ, રાજકોટ ડીસીબીમાં દારૂના બે ગુના, લક્કીરાજ વિરૂધ્ધ ડીસીબી, પ્ર.નગરમાં દારૂના ત્રણ ગુના નોંધાયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બસીયાની સુચના હેઠળ પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, એએસઆઇ અમીતભાઇ અગ્રાવત, દીગપાલસિંહ જાડેજા, હેડકોન્સ. દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદીપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. વિશાલભાઇ દવેએ આ કામગીરી કરી હતી. જેના નામ ખુલ્યા છે તે ઝડપાયે વધુ વિગતો બહાર આવશે.

### ઓચીંતા પરલોકના તેડા વધુ પાંચ પરિવારને કરી ગયાગમગીન

# ટેણીયો ભોં ટાંકામાં પડતા ગયો જીવ

## બીજી ઘટનામાં ધંધાકીય નિષ્ફળતાથી થાકેલા યુવાને ઝેર પી મોત મીઠુ કર્યુંઃ ત્રણ અન્ય ઘટનાઓમાં બેભાન થઇ જવાથી યુવાન, મહિલા, વૃધ્ધાના થઇ ગયા મૃત્યુ

રાજકોટ, તા. ૮

બાળકો રમત રમતમાં ઘણીવાર એવુ કરી બેસતા હોય છે કે જેના કારણે ઘણીવાર તેની જિંદગી જ ખતમ થઇ જતી હોય છે. આવી જ એક કરૂણ ઘટના બની છે જેમાં એક બે વર્ષનો ટેણીયો ઘરના ફળીયામાં રમવા માટે ગયો હતો. આ વખતે તેની માતા રસોઇ સહિતના કામમાં વ્યસ્ત હતી. જ્યારે માતા દિકરાને શોધવા ફળીયામાં પહોંચી ત્યારે દિકરો જોવા મળ્યો નહોતો. આકુળ વ્યાકુળ થઇ તપાસ ચાલુ કરતાં દિકરો ફળીયાના ભોં ટાંકામાંથી મળતાં દેકારો મચાવી દીધો હતો. બાળકને બેભાન હાલતમાં બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ મોત થયાનું ડોક્ટરે કહ્યું હતું. બીજી ઘટનામાં ધંધામાં સફળતા નહિ મળતી હોવાથી એકવીસ વર્ષના યુવાને મોત વ્હાલુ કરી લીધુ હતું. ઝેર પી તેણે જીવ દઇ દીધો હતો. અપમૃત્યુની અન્ય બે ઘટનામાં એક યુવાન અને એક વૃધ્ધાના બેભાન હાલતમાં જ મૃત્યુ થઇ ગયા હતાં. આ ઉપરાંત એક મહિલાએ પણ બેભાન હાલતમાં અંતિમ શ્વાસ લીધા હતાં.



પ્રથમ કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો આજીડેમ ચોકડી રામવન પાસે મુકેશ પાર્કમાં રહેતાં દંપતિનો એકનો એક બે વર્ષનો દિકરો રમતાં રમતાં ફળીયાના ભોં ટાંકામાં પડી જતાં તેનું મોત થયું હતું.ુકેશ પાર્ક-૧માં રહેતાં ભરતભાઇ મુંધવાનો દિકરો હિરેન કે જેની ઉમર માત્ર બે વર્ષની હતી તે રાતે ઘરમાં માતા સોનુબેન કામ કરતી હતી ત્યારે ફળીયામાં રમવા ગયો હતો. થોડીવાર બાદ માતા દિકરાને શોધવા ફળીયામાં આવી ત્યારે તે જોવા ન મળતાં શોધખોળ કરતાં ભોં ટાંકામાંથી તે મળી આવતાં દેકારો મચાવી મુક્યો હતો. એકઠા થયેલા લોકોએ હિરેનને બેભાન હાલતમાં બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર આ ટાબરીયો હિરેન માતા-પિતાનો એકનો એક લાડકવાયો હતો. પિતા ભરતભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમે પોલીસ સ્ટેશનના એએસઆઇ જે. કે. કુરીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુની બીજી એક ઘટનામાં ઉપલેટાના માખીયાળા ગામે રહેતાં એકવીસ વર્ષના યુવાને ઝેરી દવા પી દુનિયા છોડી દીધી હતી. માખીયાળા ગામે રહેતાં ભવદીપ ગોબરભાઇ મકવાણા નામના યુવાને ત્રીસમી ડીસેમ્બરના બપોરે બારેક વાગ્યે ઝેરી દવા પી લેતાં ઉપલેટાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ સારવાર દરમિયન તેનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાયાવદર પોલીસને કરી હતી. વધુ માહિતી અનુસાર આત્મહત્યા કરનાર ભવદીપ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. ભવદીપ ખેત મજુરી કરતો હતો અને શાકભાજીનો ધંધો પણ કરતો હતો. આ ઉપરાંત બીજા છુટક કામ કરતો હતો. પરંતુ ધંધામાં સફળતા મળતી ન હોઇ તેથી કંટાળી ગયો હતો. આ કારણે ઝેરી દવા પી લીધી હતી. તેમ સગાએ કહેતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

અન્ય ઘટનાઓ પર નજર કરીએ તો કાલાવડ રોડ લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતાં આડત્રીસ વર્ષના યુવાન અશ્વીનભાઇ શામજીભાઇ રોજાસરા ઘરે બેભાન થઇ જતાં અને ગોંડલ રોડ વૃધ્ધાશ્રમમાં રહેતાં ચોર્યાસી વર્ષના માધુરીબેન જયેન્દ્રભાઇ સંપટ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ બંનેના સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ દ્વારા યુનિવર્સિટી અને માલવીયાનગર પોલીસને જાણ કરવામાં આવતાં જરૂરી કાર્યવાહી થઇ હતી. આ ઉપરાંત સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં બાવન વર્ષના દક્ષાબેન છોટાલાલ વાસાણીનું પણ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ મૃત્યુ થતાં પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

### પ્લાન હતો કંપનીમાંથી કોપરના બંડલ ચોરવાનો, પણ મળ્યા રૂપિયાના બંડલો

# સોશિયલ મિડીયામાં પોસ્ટ કરી ને લાખોની ચોરી ઉકેલાઇ

## ત્રણ શકમંદ પૈકી એકે ફરવા જઇ રહ્યાની પોસ્ટ મુકી અને પોલીસની શંકા દ્રઢ બનીઃ પગેરૂ દબવાતાં અગીયાર લાખની ચોરીનો ભેદ ખુલ્યોઃ ત્રણ ઝડપાયા

રાજકોટ, તા. ૮

ચોર ગઠીયાઓ ચોરી કર્યા પછી કોઇને કોઇ એવી ભુલ કરતાં જ હોય છે જેના કારણે પોલીસ તેના સુધી પહોંચી જતી હોય છે. હાલના સમયમાં જો કે કોઇપણ ગુના બને તો તેનો ભેદ ઉકેલવા પોલીસ સૌથી પહેલા એ જુએ છે કે જે તે ગુનાના સ્થળે સીસીટીવી કેમેરા હતાં કે કેમ? ગુનેગાર કોઇ કેમેરામાં કેદ થયો કે કેમ? જો કે આ સિવાય હવે પોલીસ સોશિયલ મિડીયા થકી પણ આરોપી સુધી પહોંચી જતી હોય છે. આવી જ એક ચોરીનો ભેદ પોલીસે સોશિયલ મિડીયામાં મુકાયેલા સ્ટેટસને આધારે ઉકેલ્યો છે. અગીયાર લાખની ચોરીની ઘટના બની હતી.કંપનીમાં થયેલી આ ચોરી કોણો કરી હશે એ શોધવા પોલીસ કામે લાગી હતી. એ દરમિયાન એક શખ્સે ગોઇંટ ટુ બોમ્બે એવુ સ્ટેટસ-પોસ્ટ સોશિયલ મિડીયામાં મુકતા જ પોલીસ હરકતમાં આવી હતી અને ભેદ ખુલ્યો હતો. રેતીના ઢગલામાં છુપાવેલા રોકડના બંડલો પોલીસે શોધી કાઢ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો સુરતના ઉધનામાં થયેલી અગીયાર લાખની ચોરીનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો છે. ત્રણેય આરોપીઓએ કંપનીમાંથી માત્ર કોપર વાયર ચોરીનો પ્લાન ઘડ્યો હતો, પરંતુ કંપનીમાં અગીયાર લાખ રૂપિયાની નોટોના બંડલ જોઈ આરોપીઓ ભાન ભૂલ્યા અને મોજશોક કરવા રૂપિયા ચોરી કર્યા. આરોપીઓ રૂપિયા લઈ બોમ્બે ભાગ્યા અને ત્યાં બારમાં ડાન્સર્સ પાછળ હજારો રૂપિયા ઉડાવ્યા હતા. મોંઘો આલીશાન રૂમ ભાડે રાખ્યો તેમજ ફોટા પાડવા મોંઘો કેમેરો પણ ખરીદ્યો હતો. ઘટના સ્થળના સીસીટીવીમાં થયેલી ઓળખ અને સોશિયલ મીડિયાની એક પોસ્ટે પોલીસને સીધા આરોપીઓ સુધી પહોંચાડી હતી.

પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી પાડી ચોરીના રૂપિયા છ લાખની રોકડ રકમ પણ રીકવર કરી હતી. વિશેષ વિગતો જોઇએ તો ઉધનાની ઈસ્ટન એન્જિનિયરિંગ



કંપનીમાંથી તસ્કરો ૧૧.૭૦ લાખની રોકડ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ઉધના પોલીસની સર્વેલન્સ ટીમે આ મામલે તપાસ શરૂ કરી ત્યારે સૌથી પહેલાં સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા જેમાં ગ્રીલ કાપીને અંદર ઘુસતા જોવા મળ્યા હતા. જેના આધારે પોલીસે આરોપીઓની ઓળખ કરી હતી. આરોપી શુભમ ઉર્ફે નેપાળી અને દીપક ઉર્ફે કાલિયાનો પ્લાન માત્ર કોપર વાયર ચોરી કરવાનો હતો.

પરંતુ ફેક્ટરીમાં ચોરી કરતા સમયે રોકડ રકમનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ બંને આરોપીઓ ભણેલા ન હોવાથી તેમને નોટો ગણતા પણ આવડતું નહોતું. આટલી મોટી રકમ જોઇ તેઓ મુંઝાયા અને છેવટે ગણતરી કરવાને બદલે નોટોના બંડલો અંદાજે એકબીજામાં વહેંચી દીધા હતા. દીપકના ઘરનું કામ ચાલતું હોવાથી બહાર રેતીના ઢગલો હતો તેથી તણે વિચાર્યું કે, જો પોલીસ તપાસ કરશે તો ઘરમાં કરશે બહાર પડેલી રેતી કોઈ નહીં ચેક કરે, એટલે તેણે ફિલ્મી સ્ટાઈલમાં લાખો રૂપિયા રેતીમાં દાટી દીધા હતા.

આરોપીઓ પકડાયા બાદ પોલીસે રેતીમાંથી ચોરીના પૈસા શોધી કાઢ્યા હતા. ચોરી કર્યા બાદ આ ટોળકીનો ત્રીજો સાથી આનંદ ઉર્ફે લક્કીએ સૌથી મોટી ભૂલ કરી. તેણે ચોરીના પૈસા સાથે ફોટો પડાવ્યો અને ઈન્સ્ટાગ્રામ પર ગોઇંગ ટુ બોમ્બે લખીને પોસ્ટ મૂકી દીધી હતી. આ સોશિયલ મીડિયા પોસ્ટે પોલીસને સીધો રસ્તો બતાવ્યો કે આરોપીઓ અત્યારે ક્યાં છે અને શું કરી રહ્યા છે. પૈસા હાથમાં આવતા જ આરોપીઓ પોતાનું ભાન ભૂલ્યા અને તેઓ સીધા મુંબઇ પહોંચ્યા હતા. જ્યાં તેઓએ એક જાણીતા બારમાં ડાન્સર્સ ઉપર હજારો રૂપિયા પણ ઉડાવ્યા હતા. ગરીબીમાં જીવતા આ ચોર મુંબઇની રંગીન દુનિયામાં ખોવાઈ ગયા અને પોતાની પાછળ પોલીસ પડી છે તેનું પણ ભાન ભૂલી ગયા હતા.

આ ઉપરાંત મોજશોખ પુરા કરવા શુભમ નેપાળીએ રહેવા માટે રૂપિયા ૧૧ હજારનો ભાડે આલીશાન રૂમ રાખ્યો હતો. આટલેથી મન ન ભરાતા તેણે ચોરીના રૂપિયાથી નવો મોંઘો કેમેરો પણ ખરીદ્યો હતો. જેથી તે પોતાના ફોટા પાડી શકે. આ બધી જ વિગતો પોલીસ તપાસમાં એક પછી એક સામે આવી હતી. પોલીસે બાતમી મળતા જ દરોડો પાડ્યો અને ત્રણેય આરોપીઓ શુભમ ઉર્ફે નપાળી, દીપક ઉર્ફે કાલિયો અને આનંદ ઉર્ફે લક્કીને ઝડપી પાડ્યા. તેમની પાસેથી રેતીમાં દાટેલા ૬.૦૫ લાખ રૂપિયા પણ રિકવર કર્યા હતા.

# આજી ડેમનુ પાણી શુધ્ધ કરવા ૬૦.૪૮ કરોડનો બનશે WTP

## સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૬૬ માંથી ૬૩ દરખાસ્ત મંજૂર : પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ દરખાસ્તને પણ મંજૂરી, ઓડિટોરિયમના નવા ભાડા મંજૂર

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકાની ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં ૬૬ દરખાસ્તો મૂકવામાં આવી જે પૈકી ૬૩ દરખાસ્ત અને બહાલી આપવામાં આવી છે અને ૨૧૦ કરોડના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે જેમાં આજીડેમ પર નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કાર્ય પણ મંજૂર કરાયું છે. ટોપ ઓફ ધ ટાઉન રહેલી પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની દરખાસ્ત અંતે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવી છે તો બીજી તરફ બંને ઓડિટોરિયમ ના વધુ ભાડાની દરખાસ્ત પણ મંજૂર કરાઈ છે.




પશ્ચિમ રાજકોટના ન્યારી ડેમ પાસે વેસ્ટ ઝોનના વિસ્તારો માટે ૧૫૦ એમએલડીનો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું મોટુ કામ મંજૂર કરાયા બાદ આજે સ્ટે.કમીટીની મળેલી બેઠકમાં આજી-૧ ડેમ ખાતે ૭૫ એમએલડીનો નવો ડબલ્યુટીપી પ્લાન્ટ અને પાઇપલાઇનનું કામ કરાવવા ૬૦.૪૮ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોનમાં રો-વોટરના ફિલ્ટર માટે ક્ષમતા વધ્યે વધુ પાણીનો ઉપાડ અને લોકો સુધી શુધ્ધ પાણીની સપ્લાય અવિરત થઇ શકશે તેમ બેઠક બાદ ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું.

મહાપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગમાં એજન્ડા પર રહેલી ૬૬ પૈકી ૩ દરખાસ્ત મોકુફ રાખવામાં આવી હતી. જે સાથે વિકાસ કામો માટે ૨૧૦ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. ૩૯.૮૫ કરોડના ખર્ચે બે વર્ષનો સિકયુરીટી કોન્ટ્રાકટ, અધિકારીઓના પગાર ધોરણ સુધારવા તથા વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭માં ડીઆઇ પાઈપલાનની દરખાસ્તો મોકુફ રાખવામાં આવી હતી. અગાઉ મોકુફ રહેલી ઓડિટ શાખામાં સબઓડિટરની બઢતી મંજૂર કરાઇ છે તો કમિશ્નરે ફરી મોકલેલી પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટની દરખાસ્ત પણ યથાવત મંજૂર કરી દેવાઇ છે. આજી-૧ ડેમ ખાતે ૬૦.૪૮ કરોડના ખર્ચે ૭૫ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. ૧૯૫૮માં આજી ડેમ ખાતે પહેલો ફિલ્ટર પ્લાન્ટ ૨૭.૨૭ એમએલડીનો અને ૧૯૮૪માં બીજો પ્લાન્ટ ૧૧.૩૫ એમએલડીનો બન્યો હતો. ત્રીજો ૬૫.૪૫ એમએલડીનો પ્લાન્ટ ૨૦૦૪માં બન્યો હતો.

હવે રાજકોટમાં પાણીની વધતી જરૂરીયાત, ફિલ્ટર ક્ષમતા વધારવાની આવશ્યકતા ધ્યાને લેતા આજી હેડ વર્કસ ખાતે આ નવો પ્લાન્ટ બનાવવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેમાં ફોનિકસ પ્રોજેકટ પ્રા.લી.એ ૩.૦૯ ટકા ઓનથી કામ કરવા તૈયારી દર્શાવી છે. આ પ્લાન્ટ બનવાથી સેન્ટ્રલ અને પૂર્વ ઝોન માટે ભવિષ્યમાં શુધ્ધ પાણી બનાવવાની ક્ષમતા વધશે અને લોકોને સીધો ફાયદો થશે. જયુબેલી ગાર્ડન સંકુલમાં આવેલા શ્રી અરવિંદભાઇ મણીયાર હોલનું ઓડીટોરીયમની જેમ આધુનિકરણ કરવામાં આવતા નવા ભાડા મંજૂર કરાયા છે. વોર્ડ નં.૧ના સંતોષ પાર્કમાં પણ નવા કોમ્યુનિટી હોલના ભાડાને મંજૂરી અપાઇ છે.

મણીયાર હોલમાં દર સોમથી શનિ સવારની શીફટમાં છ હજાર, બપોરથી સાંજે આઠ હજાર અને રાતની શિફટનું ભાડુ ૧૦ હજાર છે. રવિવારે આ ભાડુ અનુક્રમે ૮, ૧૦ અને ૧૨ હજાર થશે. ૨૦ હજાર ડિપોઝીટ સાથે પ્રતિ શિફટ રૂા. ૩ હજાર મેન્ટેનન્સના પણ લેવામાં આવશે.

વોર્ડ નં.૧માં આવેલા સંતોષ પાર્ક મેઇન રોડ પરના નવનિર્મિત કોમ્યુનિટી હોલના ભાડા ભારદ્વાજ હોલ જેટલા મંજૂર કરાયા છે. એ.સી. હોલમાં બીજા માળે ભાડુ લગ્ન, સગાઇ, જનોઇ, ધાર્મિક, લૌકિક વગેરે પ્રસંગે રૂા. ૩૦ હજાર, બેસણા અને ઉઠમણાના ચાર-ચાર કલાક માટે ૧૫ હજાર અને કોમર્શિયલ હેતુ માટે ૫૦ હજાર રહેશે. પ્રથમ માળે એ.સી. હોલમાં આ ભાડુ ૨૦, ૧૦ અને ૪૦ હજાર રહેશે.

હાલ ડીઆઈ પાઇપ લાઇનને લઈને ફરી વખત જે દરખાસ્ત અભ્યાસ અર્થે પેન્ડિંગ રાખવામાં આવી છે તેને આગામી સ્ટેન્ડિંગમાં મંજૂર કરવામાં આવે તે ઉપર જાણવા મળ્યું છે કારણ કે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને જણાવ્યું હતું કે હવે કયા વિસ્તારોમાં મશ પાઇપલાઇનનું કાર્ય બાકી છે તેની વિગત અધિકારીઓ આપે તો એક સાથે કામો મંજૂર કરી દેવાય પરંતુ જો અધિકારીઓ દ્વારા સમય સૂચકતા ને ધ્યાને લઈ વિગત આપવામાં નહીં આવે તો ફરી વખત દરખાસ્ત પેન્ડિંગ રહે તેવી અટકળો ચાલી રહી છે.

તેટલી જ ડિપોઝીટ લોકોએ ભરવાની થશે. આજની મીટીંગમાં ૩.૭૯ કરોડના રસ્તા કામ, ૮.૩૯ કરોડના પેવિંગ બ્લોક, પીએમયુ અને જુદી જુદી શાખા માટે મેનપાવર સપ્લાયના ૨૬.૮૮ કરોડ, ડીઆઇ લાઇનના ૬.૭૧ કરોડ, ફાયર શાખા સહિતના સાધનોની ખરીદી માટે ૭.૮૯ કરોડ, વોટર વર્કસ માટે ૮૪ કરોડ, ગાર્ડન માટે ૧.૨૩ કરોડ, લાલપરી તળાવ ડેવલપમેન્ટ, નવા એન્ટ્રી ગેટ સહિતના બિલ્ડીંગ નવીનીકરણ માટે ૪૮.૨૭ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે.

# સેલ્ફ ફાઈનાન્સ શાળાની ૩૦ વર્ષની લીઝ લંબાવતી મનપા

## અગાઉ સ્ટેન્ડિંગ સભ્યોએ અનેક વખત દરખાસ્ત મોકૂફ કરી હતી, અચાનક ૨૫૦ માંથી ભાડું ૨૫૦૦ કરી દરખાસ્તને આપી બહાલી




રાજકોટ, તા. ૮

ગઈકાલે યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં એક નહીં અનેક મુદ્દાઓ પર રાજકોટ મનપાના સત્તાધીશોએ મંજૂરીની મહોર લગાવી. મળતી માહિતી મુજબ ઉપલા કાંઠા વિસ્તારમાં આવેલા રણછોડ નગર દસમાં મનપાયે ૧૧૨૧ ચોરસ મીટર જગ્યામાં બનાવેલી નવી હાઈસ્કૂલનું બિલ્ડીંગ સંઘ સમર્પિત સંસ્કાર સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટને લીઝ પર આપવાની ત્રણ વખતની પેન્ડિંગ દરખાસ્ત ને મંજૂર કરી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ કોર્પોરેશનના બિલ્ડિંગમાં ગ્રાન્ટેડ બાદ આ સંસ્થાએ સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ શરૂ કરી દીધી હતી ત્યારે ફી વાળી સંસ્થાને આ જગ્યા ન સોંપવા ભાજપમાંથી અવાજ ઉઠ્યો હતો પરંતુ એકાએક ૧૦ ના બદલે ૩૦ વર્ષની લીઝ લંબાવી દેવામાં આવી હોવાનું હાલ જણાઈ રહ્યું છે.

વોર્ડ નં.૫ના રણછોડનગર સોસાયટી-૧૦માં કોર્પો.એ ૧૧૨૧ ચો.મી.માં માધ્યમિક શાળાનું બિલ્ડીંગ બનાવ્યું છે. આ જગ્યામાં શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટે એક કરોડનું ડેવલપમેન્ટ પણ કરેલું છે. બોર્ડના સારા પરિણામો ધ્યાને લેતા આ હાઇસ્કુલનું સંચાલન ટ્રસ્ટને માસિક ૨ ૨૫૧ના ભાડે આપવા દરખાસ્ત આવી હતી. ૨૦૧૬થી ૨૦૨૫ સુધી લીઝ એગ્રીમેન્ટ પુરૂ થયું છે. આથી સંસ્થાએ નવી માંગણી તા.૧-૧-૨૬થી ૩૧-૧૨-૩૫ સુધીની કરી હતી. પરંતુ શાસકોએ અગાઉ અભ્યાસ હેઠળ રાખેલી દરખાસ્ત ઉલ્ટાનું ઉમળકાભેર મંજૂર કરી છે. જગ્યાનું ભાડુ ૨૫૧ બદલે માસિક ૨૫૦૦ નકકી કરાયું છે. પરંતુ લીઝની મુદત ૩૦ વર્ષ લંબાવી દીધી છે. હાલ આશ્ચર્ય ચગાવે તે પ્રકારની આદરખાસ્ત ને મહાનગરપાલિકાએ મંજૂર કરી છે તે ખૂબ મોટી વાત છે પહેલા નગર સેવકો અને સત્તાધિશો દ્વારા મંજૂર ન કરવા અપીલ કરવામાં આવી હતી અને અનેક વખત આદરખાન મોકૂફ પણ રાખવામાં આવી હતી પરંતુ અચાનક દરખાસ્ત મંજુર થતા અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે પરંતુ સામે મહાનગરપાલિકાએ જે ભાડું વસૂલવામાં આવતું તેમાં વધારો પણ કરી દીધો છે.

# કુટિર-ગ્રામોદ્યોગના નેજા હેઠળ સ્વદેશી હાટનું આયોજન

### દેશ-વિદેશના મહાનુભાવઓ ગુજરાતની પરંપરાથી થશે અવગત

## સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ જિલ્લાઓના કલાકારો ગુજરાતની શ્રેષ્ઠ કલાકૃતિઓનું કરશે લાઈવ ડેમોન્સ્ટ્રેશન : લુપ્ત કલાના કારીગર અને ૧૨ માસ્ટર કારીગરો જોડાશે

રાજકોટ, તા. ૮

''લોકલ ટુ ગ્લોબલ''ના ધ્યેયમંત્ર સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક પ્રતિભાશાળી કલાકારોને પણ વૈશ્વિક પ્લેટફોર્મ મળી રહે તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'નો તા. ૧૧ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે શુભારંભ થનાર છે, ત્યારે ગુજરાતની પંરપરાગત કલાઓથી દેશ - વિદેશ અને રાજ્યના વિવિધ જિલ્લાના મહાનુભાવશ્રીઓ અવગત થાય તે માટે વાઈબ્રન્ટ એક્ઝિબિશનમાં ''સ્વદેશી હાટ''નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાજયના ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક કમિશ્નર, કુટિર અને ગ્રામોદ્યોગના નેજા હેઠળ યોજાનાર સ્વદેશી હાટ''માં આર્ટ એન્ડ ક્રાફ્ટના ૨૪ અને લાઈવ ડેમોન્સ્ટ્રેશનના ૪ સ્ટોલ મળીને કુલ ૨૮ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૪ જીવંત નિદર્શન, ૨૧ હાથશાળ - હસ્તકલાના કારીગરો, ૧ ગરવી-ગુર્જરી, ૨ ખાદી ગ્રામોદ્યોગની સંસ્થાનો સમાવેશ થાય છે.



સ્વદેશી હાટમાં રાષ્ટ્રીય અને રાજય કક્ષાના એવોર્ડથી સન્માનિત કારીગરો, લુપ્ત કલાના કારીગર અને ૧૨ માસ્ટર કારીગરો જોડાશે. વધુમાં ઈવેન્ટમાં આવનાર ડેલીગેશન, મુલાકાતીઓ અને સ્થાનિક જનતાને રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, ટાંગલીયા વણાટ કામ, મોતીકામ સહિતની ગુજરાતની શ્રેષ્ઠ કલાકૃતિનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરીને નિદર્શન કરવામાં આવશે. જેમાં કચ્છમાંથી રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, બાંધણી અજરખ બ્લોક પ્રિન્ટ, ભુજોડી શાલ, લેધરવર્ક, સુફ ભરતકામ, કોપરબેલ, દેવભૂમિ દ્વારકાની ખંભાળીયા શાલ, ભાવનગરનું મોતીકામ, મોરબીની પોટરી, સુરેન્દ્રનગરનું ટાંગલીયા વણાટ કામનો સમાવેશ થાય છે.

વધુમાં કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનના કચ્છ જિલ્લાનું રોગાન આર્ટ, કચ્છી ભરતકામ, બાંધણી, મડ મિરર વર્ક, અજરખ બ્લોક પ્રિન્ટ, ભુજોડી શાલ, લેધર વર્ક, હેન્ડલુમ ફેબ્રીકસ, સુફ ભરતકામ, કોપરબેલ અને ખરડ વિવિંગ, સુરેન્દ્રનગર જિલ્લાનું ટાંગલીયા, રાજકોટ જિલ્લાનું પટોળુ, ભાવનગર જિલ્લાનું મોતીકામ, કોયરવર્ક, પોરબંદર જિલ્લાનું વાંસકામ, હેન્ડલુમ, જુનાગઢ જિલ્લાની એમ્બ્રોઈડરી, બોટાદ જિલ્લાનું માટીકામ, મોરબી જિલ્લાનું માટીકામ, દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાલ, અમરેલી જિલ્લાની એમ્બ્રોઈડરી, ગીર-સોમનાથ જિલ્લાનું હેન્ડલુમ, જામનગર જિલ્લાની બાંધણીના સ્ટોલોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# વાઈબ્રન્ટમાં ૪૦ દેશોના પ્રતિનિધિઓ રહેશે હાજર

## તા.૧૧ અને ૧૨ના રોજ ૫૦થી વધુ ચાર્ટર્ડ ફ્લાઈટ રાજકોટમાં થશે લેન્ડ




રાજકોટ, તા. ૮

રાજકોટ ખાતે ચાર દિવસની સૌરાષ્ટ્ર કચ્છ રિજનલ કોન્ફરન્સ નું આયોજન થઈ રહ્યું છે જેમાં તેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે ત્યારે આ વિશેષ કાર્યક્રમમાં દેશ-વિદેશના ટોચના નેતાઓ તથા ઉદ્યોગકારો તો ભાગી થશે અને તેમનું કન્ફર્મેશન પણ તંત્ર પાસે આવી ચૂક્યું છે. મળતી માહિતી મુજબ ૪૦ દેશોના ઉપયોગ કરો તથા ડેલિકેટ સહિત ચાર ભાગીદાર દેશોના રાજદૂતો પણ આ કોન્ફરન્સમાં સહભાગી થશે.

મહેસાણા ખાતે વાઇબ્રન્ટ સમિટ યોજાઈ ગઈ છે જ્યારે હવે આગામી ૧૧ થી ૧૫ તારીખ દરમિયાન રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે 'રિજનલ વાઇબ્રન્ટ સમિટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં જે આંતરરાષ્ટ્રીય વાઇબ્રન્ટ સમિતિ યોજાઇ હતી તેવી જ ઓરીજનલ વાઈબ્રેટ સમિટ રાજકોટમાં યોજાવા જઈ રહી છે. આ સમિટમાં ભાગ લેવા માટે વિશ્વના ૪૦થી વધુ દેશોના ઉદ્યોગપતિઓ અને રાજદૂતો રાજકોટના મહેમાન બનશે. તંત્ર દ્વારા આ આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને આજથી સુરક્ષા એજન્સીઓએ સ્થળનો કબજો સંભાળી લીધો છે.

મારવાડી યુનિવર્સિટી ખાતે વિશાળ પરિસરમાં આ ખાસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાર નાના-મોટા ડોમ પણ ઊભા કરવામાં આવ્યા છે. આ તમામ ડોમમાંથી છ ડોમ આધુનિક ટેકનોલોજી અને ઉદ્યોગોના પ્રદર્શન માટે એક્ઝિબિશન માટે ફાળવવામાં આવ્યા છે. આ કોન્ફરન્સમાં સેમિનાર, બીટુબી, મીટિંગ્સ અને કોન્ફરન્સ માટે અનામત રાખવામાં આવ્યા છે. દેશ વિદેશથી આવતા મહાનુભાવો માટે માર્કેટિંગ યાર્ડ ખાતે હેલીપેડ ની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ રિજનલ સમિટમાં યુક્રેન, જાપાન, સાઉથ કોરિયા અને રવાન્ડા જેવા દેશો 'પાર્ટનર કન્ટ્રી' તરીકે જોડાય રહ્યા છે. આ દેશોના રાજદૂતોની સાથે ૪૦થી વધુ દેશોના ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને અગ્રણી ઉદ્યોગપતિઓ વાઇબ્રન્ટ સમિટમાં ભાગ લેશે. ૧૧ અને ૧૨ તારીખે રાજકોટનું નવું હીરાસર એરપોર્ટ દેશ-વિદેશના મહેમાનોથી ગુંજી ઉઠશે. અંદાજે ૫૦ જેટલી ચાર્ટર્ડ ફ્લાઈટ્સ બે દિવસ દરમિયાન લેન્ડ થાય તેવી શક્યતા છે. વડાપ્રધાનની સંભવિત મુલાકાતને પગલે આજે બપોરે એરપોર્ટ ઓથોરિટી, પોલીસ અને એસપીજીના અધિકારીઓ વચ્ચે હીરાસર એરપોર્ટ ખાતે હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી, જેમાં સુરક્ષાના પ્રોટોકોલ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમિટના સફળ સંચાલન માટે રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરથી સચિવ, કલેકટર અને એડિશનલ કલેકટર કક્ષાના ૧૦૦ જેટલા અનુભવી અધિકારીઓને રાજકોટ પહોંચવા આદેશ અપાયા છે. આ અધિકારીઓ ૧૦ તારીખ સુધીમાં રાજકોટ આવી જશે અને તેમને પ્રોટોકોલ, ગેસ્ટ મેનેજમેન્ટ અને વિવિધ ઈવેન્ટ્સની જવાબદારી સોંપવામાં આવશે. આ સમિટ માત્ર ઉદ્યોગ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ રાજકીય રીતે પણ મહત્વની બની રહેશે. ગુજરાત રાજ્યના તમામ મંત્રીઓ, ભાજપના દિગ્ગજ નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ આ પાંચ દિવસીય કાર્યક્રમમાં હાજરી આપી સૌરાષ્ટ્રના વિકાસને નવી ગતિ આપશે.

રાજકોટમાં યોજાનાર રીજીયોનલ વાઇબ્રન્ટ સમિટ માટે ૧૦૦ જેટલા આઇ.એ.એસ. અને એડિશનલ કલેક્ટર ક્ક્ષાના અનુભવી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે અને આ અધિકારીઓને તા.૧૦મીએ સવારે રાજકોટમાં હાજર થશે તેમને સોંપાયેલ સંકલનની જવાબદારી સંભાળીલેવાની સુચના આપવામાં આવી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ શનિવારથી જ રાજ્ય સરકારના ટોચના અધિકારીઓ સચિવ તથા વિવિધ વિભાગના વડાઓ હાજર રહેશે તેવું હાલ સુત્રો દ્વારા જણાય રહ્યું છે.